
જાન્યુઆરી
૨૦૧૯
Most IMP
Current Affairs
www.crackgpsc.com
crack GPSC

# સ્પેશ્યલ થેન્ક્સ

## શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ
## (ડે. કલેક્ટર)

પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**




# Most Imp Current Affairs – January 2019

**1**

- 1 ડિસેમ્બર: વિશ્વ એઇડ્સ દિન. પ્રથમ વિશ્વ એઇડ્સ દિન 1988માં યોજવામાં આવ્યો હતો.
- હિમાચલ પ્રદેશ પેન ઇન્ડિયા સિંગલ ઈમરજન્સી નંબર 112 લોન્ચ કરનાર પ્રથમ રાજ્ય બન્યું. આ પરિયોજના હેઠળ 12 ડિસ્ટ્રીક્ટ કમાન્ડ સેન્ટર (DCC) સાથે શિમલામાં એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર (ERC) સ્થાપિત કરાયા.
- ઇન્ડિયન નેવિ કમાન્ડર વિજય વર્મા અને કેપ્ટન પી. રાજકુમારે 'એશિયન ઓફ ધ યર' પુરસ્કાર જીત્યો. તેમને આ પુરસ્કાર કેરળમાં આવેલ વિનાશકારી પુર દરમ્યાન પોતાની નિ:સ્વાર્થ સેવા અને બચાવ કામગીરી માટે આપવામાં આવ્યો.
- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)એ CARE (Consortium of Academic and Research Ethics) સ્થાપવાની જાહેરાત કરી.
- બાળકો માટે ભારતનો પ્રથમ ઉન્નત વ્યક્તિગત રોબોટ 'મિકો-2' લોન્ચ. આ રોબોટ બાળકોના પ્રાથમિક શિક્ષણ અને વિકાસમાં માતા-પિતાની મદદ કરશે.
- પ્રસિદ્ધ વાંસળી વાદક પંડિત કેશવ ગિંડે શાસ્ત્રીય સંગીત માટે પ્રતિષ્ઠિત 'ભારત રત્ન પંડિત ભીમસેન જોશી લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ-2018'થી સન્માનિત.
- મેજર જનરલ એલેન્કા એરમેંક સ્લોવેનિયાની સેનાનાં પ્રથમ મહિલા ચીફ ઓફ સ્ટાફ નિયુક્ત. એક મહિલાને પોતાની સેના પ્રમુખ નિયુક્ત કરનાર એકમાત્ર NATO દેશ બન્યો.
- સલોમ જુરાબિશ્વિલી જ્યોર્જિયાનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યાં.
- CSIR-IMTECH ચંડીગઢમાં હાઈ એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપશે.
- ગ્લોબલ એવિએશન સમિટ જાન્યુઆરી-2019માં મુંબઈમાં યોજાશે. વિષય - ફ્લાયિંગ ફોર ઓલ-ઇસ્પેશિયલી ફોર ધ નેક્સ્ટ 6 બિલિયન.

**2**

- માનવ સંસાધન વિકાસ વિભાગે 'ભાષા સંગમ' નામની પહેલની શરૂઆત કરી. આ કાર્યક્રમ ભારતીય ભાષાઓમાં વિદ્યાર્થીઓને બહુભાષી એક્સપોઝર પૂરું પાડે છે.
- RBIએ પોસ્ટ અને પ્રી-શિપમેન્ટ નિકાસ ક્રેડીટ પર વ્યાજ સબસીડી 3%થી વધારીને 5% કરી.
- USA અને ભારતની વાયુસેના વચ્ચે પશ્ચિમ બંગાળમાં સંયુક્ત અભ્યાસ 'કોપ ઇન્ડિયા-2019' યોજાશે.
- ચીન અને ભારત વચ્ચે સૈન્ય અભ્યાસ 'હેન્ડ ઇન હેન્ડ' ચીનના ચેંગ્દૂ શહેરમાં યોજાશે.
- ગ્લોબલ ન્યુટ્રીશન રિપોર્ટ 2018 અનુસાર કુપોષણને લીધે ભારતમાં 46 મિલિયન બાળકો અવિકસિત.
- આયરિશ ગેમ 'હર્લિંગ'ને UNESCOની 'માનવતાની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત'નો દરજ્જો મળ્યો. આ રમત 15 વ્યક્તિઓની ટીમો દ્વારા એક પિચ પર રમવામાં આવે છે જેમાં દરેક છેડે 'H' આકારના ગોલ હોય છે.

- 2 ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય ગુલામી નિવારણ દિન.
- જાન્યુઆરી 2019થી ભારત કિમ્બર્લી પ્રક્રિયા (KP)ની અધ્યક્ષતા કરશે. KP ગ્લોબલ સપ્લાય ચેનલમાંથી કોન્ફ્લીક્ટ ડાયમંડ્સ દૂર કરવાની એક વૈશ્વિક પહેલ છે.
- જ્યોર્જિયાની પારંપરિક કુશ્તી 'ચિડોબા'ને UNESCOએ 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત'ની સૂચિમાં સામેલ કરી. આ કુશ્તીની એક મેચ પાંચ મિનિટ સુધી ચાલે છે, જે દરમ્યાન પારંપરિક કોટ પહેરેલ પહેલવાન વિભિન્ન દાવનો ઉપયોગ કરીને પોતાના પ્રતિદ્વંદીને હરાવવાની કોશિશ કરે છે.
- નવી દિલ્હીમાં બીજા 'આંતરરાષ્ટ્રીય આંબેડકર સંમેલન'નું ઉદઘાટન. આ સંમેલન બંધારણ દિવસના ઉત્સવનો હિસ્સો છે.
- 13મું G-20 શિખર સંમેલન આર્જેન્ટીનામાં યોજાયું. વિષય - બિલ્ડીંગ કસેંસસ ફોર અ ફેર એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ.
- G-20 શિખર સંમેલન: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદી અને જાપાનના વડા શિંજો આબે સાથે ત્રિપક્ષીય બેઠક કરી.

**3**

- WHO અનુસાર કાંગોમાં ફેલાયેલ ઇબોલા મહામારી હવે ઇતિહાસમાં બીજી સૌથી મોટી અને બીજી સૌથી ઘાતક બીમારી.
- ભારત સરકારે USAમાં પ્રમુખ વાણિજ્યિક દૂતાવાસોમાં 'પાસપોર્ટ સેવા પ્રોજેક્ટ' (PSP) લોન્ચ કરી.
- ધોલેરા એરપોર્ટનો 51% હિસ્સો એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા ખરીદશે. ગુજરાત સરકારનો 33% અને કેન્દ્ર સરકારનો 16% હિસ્સો રહેશે.
- ઔરંગાબાદના વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર બૈજુ પાટીલની 'ડેથ ઓન વિંગ્સ' તસવીર ફોટો ઓફ ધ યર તરીકે સિલેક્ટ થઇ. તેમણે આ ફોટો લેવા માટે ત્રણ વર્ષ રાહ જોઈ હતી. તસવીરમાં હરણના બચ્ચાનો શિકાર કરી રહેલા બાજનું ચિત્ર છે. આ ફોટો રાજસ્થાનના ચૂરુના તાલ છાપર અભયારણ્યનો છે.
- USના 41મા પ્રમુખ જ્યોર્જ એચ. ડબ્લ્યૂ બુશનું 94 વર્ષની ઉંમરે નિધન.
  રશિયા સાથે શીતયુદ્ધના અંત પછી અમેરિકાને મહાસત્તા બનાવવા તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. બીજા વિશ્વયુદ્ધમાં તેમણે જાપાન સામે પર્લ હાર્બર હુમલામાં ભાગ લીધો હતો. તેમને એક મિશનમાં 1994માં ગોળી વાગી હતી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ઓવલ ઓફિસમાં સત્તા સંભાળનાર સિનિયર બુશ બીજા વિશ્વયુદ્ધના હીરો હતા અને બીજા વિશ્વયુદ્ધની પેઢીના છેલ્લા નેતા હતા. 1836 પછી બુશ એવા પહેલા ઉપરાષ્ટ્રપતિ હતા કે જેમણે રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી જીતીને સત્તા સંભાળી હતી. બીજા વિશ્વયુદ્ધના હીરો રહેલા સિનિયર બુશે રશિયા સાથેનાં કોલ્ડવોરમાં પોતાની કુનેહથી અમેરિકાને ઉગાર્યો હતો. રશિયાની સર્વોપરિતાનો કોલ્ડવોરના અંતની સાથે જ અંત આવ્યો હતો. તેમણે ફક્ત 100 કલાકમાં જ ઇરાક સામેનું ખાડીયુદ્ધ જીતીને લોકપ્રિયતા હાંસલ કરી હતી.
- નાગાલેન્ડમાં ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS) હેઠળ અખિલ ભારતીય સિંગલ ઈમરજન્સી નંબર '112' લોન્ચ. નાગાલેન્ડ 112 નંબર લોન્ચ કરનાર પ્રથમ ઉત્તર-પૂર્વીય અને ભારતનું બીજું રાજ્ય બન્યું.

- સિવિલ એવિએશન મિનિસ્ટ્રીએ ડ્રોન અને તેના ઓપરેટર્સના રજીસ્ટ્રેશન માટે 'ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ' લોન્ચ કર્યું.
- ભારત અને USAની વિશેષ ફોર્સે 'વજ્ર કાયા' નામનો સ્ટ્રેટેજિક અભ્યાસ પૂર્ણ કર્યો. વજ્ર કાયા સંયુક્ત સૈન્ય ડ્રિલ 'વજ્ર પ્રહાર-2018'નો હિસ્સો છે.
- વિનેશ ફોગાટે ટાટા મોટર્સ સિનીયર નેશનલ ચેમ્પિયનશિપ-2018માં 57 કિ.ગ્રા. વર્ગનો ખિતાબ જીત્યો.
- સાક્ષી મલિકે ટાટા મોટર્સ સિનીયર નેશનલ ચેમ્પિયનશિપ-2018માં 62 કિ.ગ્રા. વર્ગનો ખિતાબ જીત્યો.
- વામપંથી નેતા એન્દ્રેસ મેનુઅલ લોપેઝ ઓબ્રાડોરે મેક્સિકોના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.
- કાઠમંડુમાં એશિયા-પેસિફિક શિખર સંમેલન યોજાયું.
- 3 ડિસેમ્બર: ધ ઇન્ટરનેશનલ ડે ઓફ પર્સન્સ વિથ ડિસેબલીટીઝ.

**4**

- ASEAN રક્ષા મંત્રીઓની બેઠક 'ડિફેન્સ મિનિસ્ટર્સ મિટિંગ પ્લસ (ADMM-પ્લસ) એક્સપર્ટ્સ' સેન્ટ્રલ કમાન્ડ (લખનઉ)માં યોજાઈ.
- ઇથોપિયાના અટલાવિમ ડેબેબેએ પુણે ઇન્ટરનેશનલ મેરેથોન જીતી. જયારે મહિલા કેટેગરીમાં કેન્યાની પાસ્કલિયા ચેપકોગીએ પ્રથમ સ્થાન મેળવ્યું.
- એ. એસ. રાજીવ બેંક ઓફ મહારાષ્ટ્રના MD અને CEO નિયુક્ત.
- UNFCCC (United Nations Framework Convention on Climate Change)ના ભાગીદારોના સંમેલનની 24મી બેઠક COP-24 પોલેન્ડમાં યોજાઈ.
- 2022માં G-20 શિખર સંમેલનની મેજબાની ભારત કરશે.
- કેમ્બ્રિજ ડિક્શનરીએ 'નોમોફોબિયા'ને પીપલ્સ વર્ડ ઓફ ધ યર-2018 ઘોષિત કર્યો. આ શબ્દનો અર્થ 'મોબાઈલ ફોન વગર રહેવું કે તેનો ઉપયોગ કરવામાં અસમર્થ હોવાના વિચાર પર ચિંતા કરવી' થાય છે. આ શબ્દનું વિસ્તૃત નામ: નો મોબાઈલ ફોન ફોબિયા.
- 4 ડિસેમ્બર: ઇન્ડિયન નેવિ ડે. 1971ના ભારત-પાક યુદ્ધ દરમ્યાન કરાંચી હાર્બર પર ઇન્ડિયન નેવિના ઓપરેશન ટ્રાઈડેંટની સફળતા નિમિત્તે ઉજવાય છે.
- પેરિસે આંગ સાન સૂ કી પાસેથી પોતાનો માનદ 'ફ્રીડમ ઓફ પેરિસ' પુરસ્કાર પરત લઇ લીધો. આંગ સાન સૂ કી આ પુરસ્કાર ગુમાવનાર પ્રથમ વ્યક્તિ છે.
- રણીન્દર સિંહ ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (ISSF)ના ચાર ઉપાધ્યક્ષ પૈકી એક બનનાર પ્રથમ ભારતીય બન્યા.
- બીજી 'તેજસ' સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન ચેન્નાઈ અને મદુરાઈ વચ્ચે સંચાલિત થશે. પ્રથમ તેજસ ટ્રેન 2017માં મુંબઈ અને ગોવા વચ્ચે શરૂ થઇ હતી.
- ભારતનો પ્રથમ ઘુવડ મહોત્સવ (ઇન્ડિયન આઉલ ફેસ્ટીવલ) પૂણેમાં યોજાયો.
- ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન બેયર્સ આગ્રામાં યોજાઈ.
- ભારતીય શૂટર અભિનવ બિન્દ્રા ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (ISSF) દ્વારા 'બ્લ્યૂ ક્રોસ'થી સન્માનિત.

crackgpsc.com

**5**

- 5 ડિસેમ્બર: વર્લ્ડ સોઇલ ડે.
- 5 ડિસેમ્બર: આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ (ઇન્ટરનેશનલ વોલન્ટીઅર ડે).
- વૈજ્ઞાનિકોએ બ્લેક હોલના વિલયથી નીકળનાર ચાર નવા ગુરૂત્વીય તરંગોની શોધ કરી. આ ચાર તરંગોને તેમની શોધની તારીખોના સંદર્ભમાં નામ આપવામાં આવ્યા છે - GW170729, GW170809, GW170818, GW170823.
- શૂટર ઈશા સિંહે તિરૂવનંતપુરમમાં 62મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપમાં ત્રણ સુવર્ણ જીત્યા. તેણે મહિલા, યુવા મહિલા અને જુનિયર મહિલા કેટેગરીની 10 મીટર એર પિસ્ટલ ઈવેન્ટ્સ જીતી.
- સંયુક્ત રાજ્ય અમેરિકા, કેનેડા અને મેક્સિકોએ એક નવી વેપાર સમજૂતી કરી જે નોર્થ અમેરિકન ફ્રી ટ્રેડ અગ્રીમેન્ટ (NAFTA)નું સ્થાન લેશે. નવી વેપાર સમજૂતીનું નામ બદલીને યુ. એસ.-મેક્સિકો-કેનેડા અગ્રીમેન્ટ (USMCA) રાખવામાં આવ્યું.
- UNESCOએ જમૈકાના 'રેગે' સંગીતને 'અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત'માં સામેલ કર્યું.
- પવન સિંહ ISSF (ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન)ની જજ સમિતિમાં સામેલ થનાર પ્રથમ ભારતીય બન્યા.
- રાજસ્થાનની મહેશ્વરી ચૌહાણે 62મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપ કોમ્પિટિશન (NSCC)માં શોટગન ઇવેન્ટમાં મહિલા સ્કીટ ખિતાબ જીત્યો.
- અજય નારાયણ ઝા ભારતના નવા નાણા સચિવ બન્યા.
- મિડફિલ્ડર લુકા મોડ્રીક 'બેલેન ડી'ઓર-2018' પુરસ્કાર મેળવનાર પ્રથમ ક્રોએશિયન ખેલાડી બન્યો.
- ફ્રાન્સના લિયોનની ક્લબ તરફથી રમતી નોર્વેની એડા હેગરબર્ગ 'બેલેન ડી'ઓર-2018' પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા ખેલાડી બની.
- રોનાલ્ડો સૌથી વધુ (છઠ્ઠી વખત) વખત બીજા ક્રમે.
- દિલ્હીના પર્યાવરણ મંત્રી ઇમરાન હુસેનને પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ (PETA)-ઇન્ડિયા દ્વારા 'હીરો ટુ એનિમલ્સ એવોર્ડ' એનાયત.

**6**

- 6 ડિસેમ્બર: મહાપરિનિર્વાણ દિવસ. ડૉ. આંબેડકરની પૂણ્યતિથિની યાદમાં ઉજવવામાં આવે છે.
- ભારત સરકારે ઉત્તરાખંડમાં ગંગોત્રી અને યમુનોત્રી, મધ્યપ્રદેશના અમરકંટક અને ઝારખંડના પારસનાથને 'તીર્થયાત્રા કાયાકલ્પ અને આધ્યાત્મિક, વિરાસત વૃદ્ધિ અભિયાન' (PRASAD) યોજના અંતર્ગત સામેલ કર્યા.
- ઉલ્લાસ નારાયણ ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ અલ્ટ્રા રનિંગ (IAU) 24 ઓવર એશિયા એન્ડ ઓશિનિયા ચેમ્પિયનશિપ-2018માં વ્યક્તિગત ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય બન્યા. તેમણે આ ચેમ્પિયનશિપમાં કાંસ્ય મેળવ્યો.
- જોન રિજોન ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશન (IAAF)ના CEO નિયુક્ત.
- નવી દિલ્હીમાં 'ભારત જલ પ્રભાવ શિખર સંમેલન-2018' યોજાયું.

- ઈસરોનો સૌથી વજનદાર અને સૌથી ઉન્નત હાઈ થ્રૂપુટ કોમ્યુનિકેશન સેટેલાઈટ 'GSAT-11' ફ્રેન્ચ ગુયાનાથી લોન્ચ. આ સેટેલાઈટ 'બીગ બર્ડ' તરીકે પણ ઓળખાય છે. આ સેટેલાઈટ ભારતમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી વધારવાના ઉદેશથી લોન્ચ કરાયો છે. આ GSAT-11 સેટેલાઈટ દેશમાં ઈન્ટરનેટ ક્રાંતિ લાવશે.
- ચીફ ઓફ નેવલ સ્ટાફ એડમિરલ સુનીલ લાંબાએ 'બ્લ્યૂ વોટર્સ અહોય' નામના પુસ્તકનું અનાવરણ કર્યું. આ બુકના લેખક વાઈસ એડમિરલ અનુપ સિંહ છે.
- કેન્યાના એલિયુડ કિપચોગે અને કોલંબિયન કેટરીન એબર્ગુએને 'IAAF એથ્લીટ ઓફ ધ યર' પુરસ્કાર જીત્યા.
- વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ-2019 દોહામાં યોજાશે.
- સાઉદી અરેબિયા સાથેની તંગદિલીને લીધે કતારે OPECમાંથી જાન્યુઆરીથી નીકળી જવાની ઘોષણા કરી.
- ક્રિસ્ટીયાનો રોનાલ્ડો વર્ષ 2018માં સૌથી વધુ ગોલ કરનાર ફૂટબોલ ખેલાડી બન્યો.
- દેશની સૌથી મોટી કન્ઝ્યુમર ગુડ્ઝ કંપની હિંદુસ્તાન યુનિલિવર લિ. દ્વારા હોર્લિક્સ નિર્માતા કંપની ગ્લેક્સો સ્મિથક્લાઈમ કન્ઝ્યુમર ઇન્ડિયાનું 31 700 કરોડ રૂપિયામાં અધિગ્રહણ. આ અધિગ્રહણ FMCG ક્ષેત્રે દેશનો સૌથી મોટો સોદો છે.

**7**

- ફ્રાન્સને વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર ફૂટબોલર કેલિયન એમબાપેએ બેસ્ટ યંગ પ્લેયરની કોપા ટ્રોફી જીતી. આ ટ્રોફી 21 વર્ષથી ઓછી વયના સર્વશ્રેષ્ઠ યુવા ફૂટબોલરને આપવામાં આવે છે.
- દિલ્હી ડેઅરડેવિલ્સનું નામ બદલીને દિલ્હી કેપિટલ્સ રાખવામાં આવ્યું. શ્રેયસ અય્યર દિલ્હી કેપિટલ્સના કેપ્ટન હશે. રિકી પોન્ટિંગ આ ટીમના કોચ છે.
- SBIએ ડિજિટલ એપ YONO માટે એશિયન ગેમ્સમાં સુવર્ણ જીતનાર સ્વપ્ના બર્મનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી.
- કેન્દ્રીય મંત્રીમંડળે કૃષિ નિકાસ નીતિને મંજૂરી આપી. ઉદેશ્ય 2022 સુધી ભારતની કૃષિ નિકાસને બમણી કરી 60 $ બિલિયન કરવાનો.
- 7 ડિસેમ્બર: આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ. 2018 નો વિષય 'વર્કિંગ ટુગેધર ટુ એન્સ્યોર નો કન્ટ્રી ઈઝ લેફ્ટ બિહાઈન્ડ'.
- 7 ડિસેમ્બર: સશસ્ત્ર સેના ઝંડા દિવસ.
- NPS (નેશનલ પેન્શન સ્કિમ)માં કેન્દ્ર સરકારનો ફાળો 10%થી વધારીને 14% કરાયો.
- કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પંજાબમાં રાવિ નદી પર 'શાહપુર કંડી બંધ પરિયોજના'ને મંજૂરી. 2022 સુધીમાં પૂર્ણ કરાશે.
- સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનાં કેટલાંક પસંદ થયેલ ભાષણો આધારિત પુસ્તકો 'ધ રિપબ્લિકન એથિક' અને 'લોકતંત્રના સ્વર'નું વિમોચન.

- ભૂવિજ્ઞાન, ખાણ અને ખનીજ સંસાધનોના ક્ષેત્રે સહયોગ અંગે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે MoU.
- ICG (ભારતીય તટ રક્ષક દળ) દ્વારા પોર્ટ બ્લેરમાં 'સ્વચ્છ સાગર 2018' અભ્યાસ યોજાયો.
- કેન્દ્ર સરકારે વારાણસીમાં ફ્રેઇટ વિલેજ બનાવવાની મંજૂરી આપી. આ એક એવું નિર્દિષ્ટ ક્ષેત્ર છે જ્યાં પરિવહનના વિવિધ સાધનો, માલ વિતરણ અને અન્ય લોજિસ્ટિક માટે મોટે પાયે સુવિધાઓ ઉપલબ્ધ હોય.

**8**

- પ્રીતિ સરનને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો (CESCR) પર સંયુક્ત રાષ્ટ્રની સમિતિમાં 'એશિયા પ્રશાંત' સીટ માટે ચૂંટવામાં આવ્યાં.
- લક્ઝમબર્ગ તમામ જાહેર વાહનવ્યવહારને નિ:શુલ્ક કરનાર દુનિયાનો પ્રથમ દેશ બન્યો. 2019માં તે ટ્રેન, ટ્રામ અને બસનાં ભાડાં હટાવી દેશે. વડાપ્રધાન - જેવિયર બેટેલ
- કેરળમાં 'એડમિરલ કપ' નૌકાયાન રિગાટા 2018માં ટીમ ઈટાલીનો વિજય. 'એડમિરલ કપ' રિગાટા ભારતીય નૌસેના એકેડમી (INA) એઝિમાલા દ્વારા દર વર્ષે યોજાતો એક આંતરરાષ્ટ્રીય સૈન્ય નૌકાયાન કાર્યક્રમ છે.
- 8 ડિસેમ્બર: ભારતીય નૌકાસેના દ્વારા સબમરીન દિવસ ઉજવાયો. આ દિવસ પ્રથમ સબમરીન INS કલવરીના 1967માં સામેલ થવાની યાદમાં મનાવાય છે.
- મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જીને રાષ્ટ્રીય મહત્વ માટે 'સ્કોચ પુરસ્કાર-2018' એનાયત.
- સૈન્ય સાહિત્ય સમારોહ 2018 ચંડીગઢમાં યોજાયો.
- ઓક્સફોર્ડ ઈકોનોમિક્સના રિપોર્ટ અનુસાર સુરત 2019-35ના સમયગાળામાં દુનિયાનું સૌથી ઝડપથી આગળ વધતું શહેર હશે. રાજકોટ સાતમા ક્રમે.
- ઇન્ટરનેશનલ કાર્ડિયોલોજિસ્ટ ડો. તેજસ પટેલે CM રૂપાણીની હાજરીમાં અક્ષરધામમાં બેઠાં બેઠાં 32 કિ.મી. દૂરના લોકેશન પર વિશ્વની સૌ પ્રથમ હ્યુમન ટેલિરોબોટીક કોરોનરી ઇન્ટરવેન્શન સર્જરી કરી.
- ચીને ચંદ્રની બીજી બાજુની સપાટી પર રોબોટિક ક્રાફ્ટ લેન્ડ કરવા પોતાનું પ્રથમ મિશન 'ચાંગ E-4' લોન્ચ કર્યું. આ મિશન લોંગ માર્ચ 3V રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું. આ મિશનમાં એક સ્થિર લેન્ડર અને રોવર સામેલ છે જે ચંદ્રની બીજી બાજુની સપાટી પર 'વોન કરમન' ક્રેટરની શોધ કરશે. ચાંગ E-4નું નામ ચીનની પૌરાણિક કથાઓની ચંદ્રમા દેવીનાં નામ પરથી રાખવામાં આવ્યું. ચીન ચંદ્રની બીજી બાજુએ રોવર મોકલનાર વિશ્વનો પ્રથમ દેશ. 1959માં પ્રથમ વખત સોવિયેત સંઘે ચંદ્રની બીજી બાજુની સપાટીનો પ્રથમ ફોટો લીધો હતો.

crackgpsc.com





- ગોલ્ફ ખેલાડી શુભંકર શર્મા 'એશિયન ટૂર ઓર્ડર ઓફ મેરિટ' જીતનાર સૌથી નાની વયનો ભારતીય ખેલાડી.

**9**

- કેન્દ્ર સરકારે લેફ્ટનન્ટ ગવર્નર અને યુનિયન ટેરીટરીઝના પ્રશાસકોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધી પ્રોજેક્ટ્સના નિર્ણય લેવા માટે નાગરિક અદાલતોને વિશેષ અદાલત તરીકે દરજ્જો આપવાનો અધિકાર આપ્યો.
- ભારત અને જાપાન વચ્ચે ટપાલ ક્ષેત્ર સેવાઓમાં સહયોગ અંગે MoC (Memorandum of Cooperation).
- કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ ભારતના મુખ્ય આર્થિક સલાહકાર (CEA) નિયુક્ત.
- FAO (Food and Agriculture Organization) 2023ને International year of Millets તરીકે ઉજવવા માટેના પ્રસ્તાવને મંજૂરી આપી.
- પાકિસ્તાનના લેગ સ્પિનર યાસિર શાહ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી 200 વિકેટ લેનાર બોલર.
- ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટના અહેવાલ મુજબ વિશ્વમાં સૌથી વધુ કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જિત કરતા દેશોમાં 27% સાથે ચીન પ્રથમ સ્થાને. ભારત 7% સાથે ચોથા ક્રમે. 15% સાથે અમેરિકા બીજા તથા 10% સાથે યુરોપિયન યુનિયન ત્રીજા સ્થાને.
- લેન્સેટ પ્લેનેટરી હેલ્થ જર્નલના અહેવાલ મુજબ ભારતમાં 2017માં વાયુ પ્રદૂષણથી 12.4 લાખના મોત, દિલ્હી સૌથી વધુ પ્રદૂષિત. દિલ્હીમાં પર્ટિક્યુલેટ મેટર 2.5ના સ્તરે.
- ITU (International Telecommunication Union) અનુસાર વિશ્વની વસ્તીની અડધાથી વધુ વસ્તી (51.2%) ઓનલાઈન છે.
- રજનીશ ગિરિ ઈનોવેટિવ યંગ બાયોટેક્નોલોજિસ્ટ એવોર્ડ (IYBA)થી સન્માનિત.
- NABARD દ્વારા ગ્રીન ક્લાઈમેટ ફંડ (GCF) સાથે રૂફટોપ સૌર ઊર્જા પરિયોજના માટે 100 મિલિયન ડોલરની સમજૂતી પર હસ્તાક્ષર.
- સ્થાઈ માટી વહીવટ અને માટીના સંસાધનોની સુરક્ષામાં યોગદાન આપવા માટે રતનલાલ ગ્લિન્કા વર્લ્ડ સોઈલ પ્રાઇઝ 2018'થી સન્માનિત.

**10**

- ઇન્ડિયન એર ફોર્સે આંધ્રપ્રદેશના સૂર્યલંકામાં વાયુસેના સ્ટેશનપર 'ક્રોસ બો-2018' અભ્યાસ શરૂ કર્યો. જેમાં આકાશ, સ્પાઇડર, OSA-AK-M અને IGLA જેવી મિસાઈલ્સના ચાર અલગ અલગ વર્ગોના ગોળીબારનું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું.
- બીજી 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ' જાન્યુઆરીમાં પૂણેમાં યોજાશે.
- મોહાલીમાં 'સતત જળ પ્રબંધન' પર પ્રથમ આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાયું.
- ઇન્ડિયન એરફોર્સ અને રશિયન ફેડરેશન એરોસ્પેસ ફોર્સ વચ્ચે અભ્યાસ 'એવિયઇંદ્રા-2018' વાયુસેના કેન્દ્ર જોધપુરમાં યોજાયો.
- અરુણાચલ પ્રદેશ: પશ્ચિમ શિયાંગ જિલ્લામાંથી 23મો જિલ્લો 'શીયોમી' અને લોઅર સિયાંગ જિલ્લામાંથી 24મો જિલ્લો 'લેપા રાદા' બનાવાયો.

- 10 ડિસેમ્બર: વિશ્વ માનવાધિકાર દિવસ. 2018નો વિષય - સ્ટેન્ડ અપ ફોર હ્યુમન રાઇટ્સ. પ્રથમ વાર 1950માં મનાવવામાં આવ્યો હતો.
- ઇમરાન સિદ્દીકી 'અભયારણ્ય વન્યજીવ સેવા પુરસ્કાર-2018'થી સન્માનિત.
- કેરળના કન્નુરમાં ઇન્ટરનેશનલ એરપોર્ટનું ઉદઘાટન. આ સાથે કેરળ ચાર ઇન્ટરનેશનલ એરપોર્ટ ધરાવતું દેશનું પ્રથમ સ્થાન બની ગયું.
- પ્રસિદ્ધ ઇતિહાસકાર મુશિરૂલ હસનનું નિધન.
- ભારતના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ દ્વારા લેખિત પુસ્તક 'ઓફ કાઉન્સિલ: ધ ચેલેન્જ ઓફ મોદી-જેટલી ઈકોનોમી'નું વિમોચન.
- ઇન્ડિયન નેવિ અને રશિયન નેવિ વચ્ચે સમુદ્રી અભ્યાસ 'ઇન્દ્ર નૌસેના 2018' વિશાખાપટ્ટનમમાં શરૂ.
- ભારત સરકારે ડ્રગ્સ એન્ડ કેમિકલ્સ એક્ટ હેઠળ નેબ્યુલાઈઝર્સ, બ્લડપ્રેશર મોનિટર, ડિજિટલ થર્મોમીટર અને ગ્લુકોમીટર જેવાં ઉપકરણોને 'ડ્રગ્સ' તરીકે ઘોષિત કર્યા.
- 10 ડિસેમ્બરના નવી દિલ્હીમાં 'ઇન્ડિયા ડે'નું ઉદઘાટન કરવામાં આવ્યું. આનો ઉદ્દેશ્ય સરકારના રીપ્રોડકટીવ, મેટરનલ, ન્યુબોર્ન, ચાઈલ્ડ અને એડલસંટ હેલ્થ (RMNCH+A) કાર્યક્રમ પર પ્રકાશ પાડવાનો છે.

**11**

- મેક્સિકોની વેનેસા પોંસ ડી લિયોન મિસ વર્લ્ડ 2018નો ખિતાબ જીતી. તે 'માઈગ્રેંટ્સ એન એલ કેમિનો'ની એક સ્વયંસેવિકા છે.
- ગોવાના પ્રથમેશ મૌલિંગકરે 'મિસ્ટર સુપ્રાનેશનલ-2018' પુરસ્કાર મેળવ્યો. પ્રથમેશ આ પુરસ્કાર મેળવનાર પ્રથમ એશિયન બન્યા.
- 11 ડિસેમ્બર: ઇન્ટરનેશનલ માઉન્ટેન ડે. વર્ષ 2018નો વિષય - #Mountais Matter.
- SBIનાં પૂર્વ ચેરમેન અરુંધતિ ભટ્ટાચાર્ય સ્વિફ્ટ ઇન્ડિયાનાં ચેરમેન નિયુક્ત.
  - ➢ સ્વિફ્ટ ઇન્ડિયા ભારતની પ્રમુખ સાર્વજનિક તથા ખાનગી બેંકો અને SWIFT (સોસાયટી ફોર વર્લ્ડવાઈડ ઇન્ટરબેંક ફાયનાન્સિયલ ટેલિકોમ્યુનિકેશન)નું જોઈન્ટ વેન્ચર છે.
  - ➢ જેને ઇન્ડિયન ફાયનાન્સિયલ ગ્રુપને ઉચ્ચ ગુણવત્તાવાળી ડોમેસ્ટિક ફાયનાન્સિયલ મેસેજિંગ સેવાઓ પૂરી પાડવા માટે રચવામાં આવ્યું હતું.
- ઓરિસ્સામાં ડૉ. અબ્દુલ કલામ દ્વીપ પરથી અગ્નિ-V મિસાઈલનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ.
  - ➢ અગ્નિ-V મિસાઈલ લોન્ગ રેન્જ સરફેસ ટુ સરફેસ પરમાણુ ક્ષમતાની બેલેસ્ટિક મિસાઈલ છે.
  - ➢ આ મિસાઈલ પહેલાં હવામાં ઊંચે ચઢે અને પછી પ્રચંડ વેગે નીચે ટાર્ગેટ તરફ આવતી જાય એવો તેનો પ્રોગ્રામ છે.
  - ➢ જયારે મિસાઈલ આકાશમાંથી ફરીથી ધરતીના વાતાવરણમાં પ્રવેશે ત્યારે બાહ્ય સપાટીનું તાપમાન 4000 ડિગ્રીએ પહોંચે છે, જયારે અંદરનું તાપમાન 50 ડિગ્રી જાળવી શકે છે.
  - ➢ આની મારક ક્ષમતા 8,000 કિ.મી. સુધીની છે.
- ઇંગ્લેન્ડના રોની ઓ'સુલિવાને રેકોર્ડ સાતમી વખત યુ.કે. સ્નૂકર ચેમ્પિયનશિપ જીતી.
- બ્રિટનની કોર્ટે વિજય માલ્યાને ભારત લાવવાની મંજૂરી આપી દીધી.

crackgpsc.com

- ભારતે ઓસ્ટ્રેલિયાની ધરતી પર પ્રથમ વખત ઓપનિંગ ટેસ્ટ જીતી.
- ઋષભ પંતે વિકેટ પાછળ 11 કેચ ઝડપીને વિકેટ કીપર તરીકે જેક રસેલ અને એબી ડી' વિલીયર્સના 11 કેચ ઝડપવાના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી. આ ઉપરાંત સૌથી વધુ કેચ ઝડપનાર ભારતીય વિકેટ કીપર બની ગયો.
- વિરાટ કોહલી ત્રણ દેશોમાં ટેસ્ટ જીતનાર પ્રથમ એશિયન કેપ્ટન બન્યો. સાઉથ આફ્રિકા, ઇંગ્લેન્ડ તથા ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચ જીતનાર પ્રથમ એશિયન કેપ્ટન બન્યો.
- દિલ્હી મેટ્રો વિશ્વની 7મી સૌથી વ્યસ્ત ટ્રેન સેવા બની.

**12**

- 12 ડિસેમ્બર: આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ.
- 12 ડિસેમ્બર: સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ દિવસ. વર્ષ 2018નો વિષય - સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ માટે એક-હવે સામૂહિક કાર્યવાહીનો સમય છે.
- આયુષ્યમાન ભારતના 2.5 કરોડ લાભાર્થીને બાયોમેટ્રિક કાર્ડ અપાશે. ખાનગી ડોક્ટર્સને દાવાઓનું ચૂકવણું 15 દિવસમાં કરવામાં આવશે. આયુષ્યમાન ભારતના CEO ઇન્દુ ભૂષણ છે.
- આર્જેન્ટીનાની ફૂટબોલ ક્લબ રિવર પ્લેટે કોપા લિબર્ટાડોરેસ ટૂર્નામેન્ટ જીતી.
- કર્ણાટકના હારકરે ગામના 'નંદી બસેશ્વર મંદિર'માં 12મી શતાબ્દીનો 'નિશિધિ' પથ્થર શિલાલેખ મળી આવ્યો.
- પુડુચેરી તટ પર ભારત પ્રથમ અંતરજલીય સંગ્રહાલય શરૂ કરશે.
- નાસાનું 'વોયેજર 2' પ્રોબ ઇન્ટરસ્ટેલર સ્પેસ કે સ્પેસમાં તારાઓ વચ્ચે પહોંચનાર બીજી માનવ નિર્મિત વસ્તુ બની ગઈ. પ્રથમ વોયેજર 1 (ઈ.સ. 2012) હતું.
- SAIL (સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયા)ની હોકી એકેડમીએ સેના XI, દાનાપુરને હરાવીને 'આગા ખાન ગોલ્ડ કપ' હોકી ટૂર્નામેન્ટ-2018 જીતી. આગા ખાન ગોલ્ડ કપ દેશની સૌથી જૂની હોકી ટૂર્નામેન્ટ્સમાંની એક છે.
- ઇઝરાયેલ ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)નો પૂર્ણ સભ્ય દેશ બન્યો. FATFની ઈ.સ. 1989માં મની લોન્ડરિંગ અને આતંકવાદ માટેના નાણાપોષણને ડામવા માટે સ્થપાયેલ એક આંતર સરકારી સંગઠન છે. આનું મુખ્યાલય પેરિસમાં છે અને અધ્યક્ષ માર્શલ બિલિંગ્સિયા છે.
- ઊર્જિત પટેલે RBIના ગવર્નર પદેથી રાજીનામું આપતાં શક્તિકાન્ત દાસ RBIના નવા (25મા) ગવર્નર નિયુક્ત.
- કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) રાજીવ મહર્ષિ સંયુક્ત રાષ્ટ્રોની ઓડિટર્સની કમિટીના ઉપાધ્યક્ષ બન્યા.

**13**

- માનવ સંસાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકરે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સ્પર્ધા 'કલા ઉત્સવ'નું ઉદઘાટન કર્યું. 'કલા ઉત્સવ' પહેલનો હેતુ શાળાના વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભાઓને પોષિત તથા પ્રદર્શિત કરીને શિક્ષામાં પ્રોત્સાહન આપવાનો છે.

- ઇન્ડિયન પોર્ટ્સ એસોસિએશને શિપિંગ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ પોર્ટ કોમ્યુનિટી સિસ્ટમ PCS 1x લોન્ચ કરી.
- નવલકથા 'મારોમ' અને સંથાલી ભાષા માટે શ્યામ સુંદર બસરાને સાહિત્ય એકાદમી પુરસ્કાર-2018 એનાયત.
- 'કલાઇમેટ ચેન્જ પરફોર્મન્સ ઇન્ડેક્સ (CCPI)-2019'માં ભારત 14મા ક્રમેથી ખસીને 11મા ક્રમાંકે.
- કૃષિ વિભાગે લાભાર્થીઓને DBT સાથે જોડવા માટે ઓનલાઈન પોર્ટલ 'એન્શ્યોર' લોન્ચ કર્યુ.
- ટાઈમ્સ મેગેઝિન દ્વારા સાઉદી પત્રકાર જમાલ ખાશોગગીને 'પર્સન ઓફ ધ યર' સન્માન. પ્રથમ વખત કોઈ મૃત વ્યક્તિને આ સન્માન અપાયું. ઓક્ટોબર-2018માં જમાલની હત્યા થઈ ગઈ હતી.
- ટેનિસ કોચ સસ્ચા બાજિનને પ્રથમ WTA કોચ ઓફ ધ યર પુરસ્કાર આપવામાં આવ્યો. તેઓ નાઓમી ઓસાકાના કોચ છે.
- સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયને 21 રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યજીવ અભયારણ્યોની પાસેના 10 કિ.મી. સુધીના ક્ષેત્રને 'ઇકો સેન્સિટિવ ઝોન' (ESZ) ઘોષિત કરવાનો નિર્દેશ આપ્યો.
- વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયન શિપ 2018માં સુવર્ણ ચંદ્રક મેળવવા બદલ મણિપુર સરકારે બોક્સર એમ. સી. મેરિકોમને 'મીથોઇલિમા' (સર્વોત્કૃષ્ટ રાણી) ખિતાબથી સન્માનિત કરી.
- દિલ્હી સરકારે 'ઓપરેશન મિનિમમ વેજ' શરૂ કર્યુ. આ ઓપરેશન હેઠળ મજૂરને મિનિમમ મહેનતાણું ન આપનાર નિયોક્તાને દંડ અથવા ત્રણ વર્ષની સજા થઈ શકે છે.
- ઇન્ડિયન નેવિએ મુંબઈમાં નેવિ ડોકયાર્ડમાં પોતાની પ્રથમ DSRV (Deep Submergence Rescue Vehicle) સિસ્ટમ સામેલ કરી, જે ડિસેબલ થઇ ચૂકેલ સબમરીન્સમાં ફસાયેલ ક્રૂ મેમ્બર્સને બચાવવાનું કાર્ય કરે છે.
- ફીફાની સૌથી નાની ટૂર્નામેન્ટ 'ફીફા ક્લબ વર્લ્ડ કપ' યુએઈમાં શરૂ. જેમાં માત્ર 8 મેચ બે શહેરો અલ એન અને અબુ ધાબીમાં રમાશે. ચેમ્પિયન ટીમને 36 કરોડ રૂપિયા મળશે.
- ICC રેન્કિંગમાં વિરાટ કોહલી પ્રથમ ક્રમે યથાવત.
- યુરોપિયન સંઘ દ્વારા સ્થાપિત ભારતના પ્રથમ 'જિન મોનેટ સેન્ટર ઓફ એકસેલન્સ'નું કર્ણાટકમાં ઉદઘાટન.

**14**

- 14 ડિસેમ્બર: રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ.
- સરકારે સાયબર એટેક્સ અને સાયબર ટેરરનો સામનો કરવા માટે 'Crisis Management Plan' તૈયાર કર્યો છે.
- મેઘાલય હાઈકોર્ટના સેવાનિવૃત્ત ચીફ જસ્ટિસ તરુણ અગ્રવાલ સિક્યોરિટી અપિલેટ ટ્રીબ્યુનલ, મુંબઈના પ્રિસાઇડિંગ ઓફિસર નિયુક્ત.
- ભારતની મણિકા બત્રાને ઇન્ચિયોનમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશન સ્ટાર એવોર્ડ્સમાં 'બ્રેકથ્રૂ ટેબલ ટેનિસ સ્ટાર' પુરસ્કાર આપવામાં આવ્યો. મણિકા આ પુરસ્કાર જીતનાર ભારતની પ્રથમ ટેબલ ટેનિસ પ્લેયર બની.

- PM મોદીએ દિલ્હીમાં 'પાર્ટનર્સ' ફોરમ-2018નું ઉદઘાટન કર્યું. તેમણે કોફી ટેબલ બુક 'પૃવન પાથ્સ' પણ ઇસ્યુ કરી, જે માતૃ, બાળ અને કિશોર સ્વાસ્થ્યમાં 36 શ્રેષ્ઠ સિસ્ટમનો સારાંશ છે.
- અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા, નવી દિલ્હીએ જનસ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાના હેતુથી દિનચર્યા અને ઋતુચર્યા પર એક રાષ્ટ્રીય સંમેલન 'આયુષાચાર્ય' આયોજિત કર્યું.
- ઉત્તરપ્રદેશ સ્થિત 'હેલ્પ અસ ગ્રીન' સ્ટાર્ટ અપ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સન્માનિત. આ સ્ટાર્ટઅપ મંદિરોમાંથી હજારો ટન ફૂલોના કચરાને રિસાઈકલ કરીને ગંગા નદીને સાફ કરવા માટે કાર્ય કરે છે.
- DMK સાંસદ કનિમોઝીને લોકમત સમાચાર પત્રનો 'સર્વશ્રેષ્ઠ મહિલા સાંસદ પુરસ્કાર' (રાજ્યસભા) એનાયત.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મ્યાનમારના ખેડૂતો માટે મોબાઈલ એપ શરૂ કરી, કૃષિ રિસર્ચ તથા શિક્ષણને પ્રોત્સાહન આપવા એક કેન્દ્ર અને જૈવ પાર્ક સમર્પિત કર્યું.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મ્યાનમારના લોકો માટે Advanced Centre for Agricultural Research & Education (ACARE) પ્રોજેક્ટ અર્પણ કર્યો.
- મ્યાનમાર ભારતીય ટુરિસ્ટ્સ માટે વિઝા-ઓન-અરાઈવલ સુવિધા શરૂ કરવાનો નિર્ણય કરશે.
- ભારત અને સાઉદી આરબ વચ્ચે 'દ્વિપક્ષીય વાર્ષિક હજ 2019' સમજૂતી.

**15**

- ટાટા સ્ટીલ લિ.એ 'બેસ્ટ પરફોર્મિંગ ઈન્ટીગ્રેટેડ પ્લાન્ટ' માટે વર્ષ 2016-17ની પ્રધાનમંત્રી ટ્રોફી જીતી. સતત ચોથી વખત આ કંપનીએ આ ટ્રોફી મેળવી.
- બ્રિજેન્દ્ર પાલ સિંહ ફિલ્મ એન્ડ ટેલીવિઝન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયા (FTII) સોસાયટી અને ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ નિયુક્ત.
- મોરેશિયસના કાર્યકરી રાષ્ટ્રપતિ પરમાસિવમ પિલ્લાઇ વ્યાપૂરીએ ફેબ્રુઆરીમાં મોરેશિયસમાં 'ગીતા મહોત્સવ' યોજવાની ઘોષણા કરી. મોરેશિયસ હરિયાણામાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવનો ભાગીદાર દેશ છે અને ગુજરાત ભાગીદાર રાજ્ય છે.
- 23મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહ કેરલ (IFFK)માં ઈરાની ફિલ્મ 'ડાર્ક રૂમ'એ 'સુવર્ણ ચક્રમ' (ધ ગોલ્ડન ક્રો ફેજેન્ટ) પુરસ્કાર જીત્યો.
- સરકારે સ્ટ્રેસ્ડ પાવર પ્રોજેક્ટ્સ પર ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણોની તપાસ માટે અરુણ જેટલીની અધ્યક્ષતામાં મંત્રીઓના સમૂહ (GoM)ની રચના કરી.
- ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ રાજ્યસભા સાંસદ શરદ પવાર અને મુરલી મનોહર જોશીને 'લાઈફટાઈમ એચિવમેન્ટ' પુરસ્કારથી સન્માનિત કર્યા. ગુલામ નબી આઝાદ અને બીજેપી સાંસદ નિશિકાંત દુબેની 'સર્વશ્રેષ્ઠ સંસદ સદસ્ય-2018' પુરસ્કાર માટે પસંદગી.
- Mizo National Front (MNF) ચીફ ઝોરામથંગાએ મિઝોરમના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- તેલંગાણા રાષ્ટ્રસમિતિના ચીફ કે. ચંદ્રશેખર રાઓએ તેલંગાણાના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કમલ નાથની પસંદગી.
- આ વર્ષના કૃષિ કર્મણ પુરસ્કાર માટે ઝારખંડની પસંદગી.

Crackgpsc.com

- ખગોળવિદોએ હબલ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા અંતરીક્ષમાં એક 'GJ 3470b' ગ્રહની શોધ કરી. જે પૃથ્વીથી 96 પ્રકાશવર્ષ દૂર છે.
- રામફલ પવાર નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોના ડિરેક્ટર નિયુક્ત.
- નેપાળ સરકારે ભારતની રૂ. 2000, રૂ. 500 તથા રૂ. 200ની ચલણી નોટોના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો.
- ઇન્ડિયન કોસ્ટ ગાર્ડે ઓરિસ્સાના ગહિરમાથા સમુદ્રી અભયારણ્યમાં પ્રજનન ઋતુ દરમ્યાન લુપ્તપ્રાય ઓલિવ રિડલે સમુદ્રી કાચબાઓની સુરક્ષા માટે 'ઓપરેશન ઓલિવા' અભ્યાસ શરૂ કર્યો.
- નવી દિલ્હીમાં ડીડી કિસાન ચેનલ પર 'દૂરદર્શન મહિલા કિસાન' પુરસ્કાર કાર્યક્રમ શરૂ કરાયો.
- ભારતીય સ્વતંત્રતાના 75 વર્ષ પૂર્ણ થતા પહેલાં અંતરિક્ષ માટે માનવ મિશન શરૂ કરવાનો પ્રસ્તાવ છે. સાત દિવસની સમય મર્યાદા વાળુ આ મિશન શ્રી હરિકોટાથી લગભગ 400 કિ.મી. નીચલી પૃથ્વી કક્ષામાં GSLV MkIII દ્વારા લોન્ચ કરવામાં આવશે.
- સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટીટયુટ (SIPRI)ની લેટેસ્ટ રેન્કિંગ મુજબ દુનિયાની ટોચની 100 હથિયાર કંપનીઓમાં ભારતની ચાર કંપનીઓ.
- વિદ્યુત મંત્રાલયે 'ECO નિવાસ સંહિતા 2018' લોન્ચ કરી. આ રેસિડેન્સિયલ બિલ્ડિંગ્સ માટે એક ઊર્જા સંરક્ષણ ભવન કોડ છે.

**16**

- ICCએ રોયલ સ્ટેગને આગામી પાંચ વર્ષ માટે ઓફિશિયલ સ્પોન્સર તરીકે સામેલ કરી. હાલમાં નિસાન, ઓપ્પો, MRF ટાયર્સ અને અમીરાત પણ ગ્લોબલ પાર્ટનર્સ છે.
- સાહિત્ય ક્ષેત્રે ઉત્કૃષ્ઠ યોગદાન માટે અંગ્રેજી લેખક અમિતાવ ઘોષ 'જ્ઞાનપીઠ પુરસ્કાર 2018' તરીકે સન્માનિત. ધ સર્કલ ઓફ રિજિયન તેમનું પ્રથમ પુસ્તક છે.
- હૈદરાબાદમાં અદાણી એરોસ્પેસ પાર્કમાં માનવ રહિત હવાઈ વાહન (Unmanned Aerial Vehicle-UAVના નિર્માણ માટે ભારતના પ્રથમ ખાનગી ક્ષેત્રનાં એકમનું ઉદઘાટન. આ સુવિધા ભારતીય અને ગ્લોબલ માર્કેટ્સ માટે મધ્યમ ઉંચાઈ અને લોંગ-એન્ડ્યુરન્સ વાળુ UAV 'હેમીઝ 900' વિકસિત કરશે.
- અશોક કુમાર સિંહ નેશનલ કમિશન ફોર શિડયુલ્ડ ટ્રાઇબ્સ (NCST)ના સચિવ નિયુક્ત.
- સાહિત્યકાર મનુભાઈ પંચોળીની સ્મૃતિમાં અપાતો આ વર્ષનો દર્શક સાહિત્ય સન્માન એવોર્ડ અમરેલીના જાણીતા કવિ હર્ષદ ચંદારાણાને અપાશે.
- પૂણેની હાઈ એનર્જી મટીરીયલ્સ રિસર્ચ લેબોરેટરી (HEMRL)માં એક્સપ્લોસિવ્સ ડિટેકશન પર પ્રથમ નેશનલ વર્કશોપ યોજાયું. વર્કશોપ દરમ્યાન HEMRL દ્વારા વિકસિત ટ્રેસ એક્સપ્લોસિવ ડિવાઈસ 'OPX-રેવલેટર'નું પણ અનાવરણ કરવામાં આવ્યું. આ એક પોર્ટેબલ ઈલેક્ટ્રોનિક ડિટેક્ટર છે, જે લગભગ તમામ વિસ્ફોટકોની માહિતી મેળવવામાં સક્ષમ છે.
- 16 ડિસેમ્બર: વિજય દિવસ. આ દિવસ વર્ષ 1971ના યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની જીત નિમિત્તે દર વર્ષે ઉજવવામાં આવે છે.

- કેન્દ્રીય રેલ મંત્રી પિયુષ ગોયલે વડોદરામાં ભારતનું પ્રથમ રેલવે ઇન્સ્ટીટ્યુટ નેશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટ ઇન્સ્ટીટ્યુટ (NRTI) દેશને સમર્પિત કર્યું. રશિયા અને ચીન પછી દુનિયાની આ ત્રીજી રેલ યુનિવર્સિટી છે.
- 16 ડિસેમ્બર: વિજય દિવસ. પાકિસ્તાનથી બાંગ્લાદેશની આઝાદી માટેના ઇ.સ. 1971ના યુદ્ધની ભારતીય સેનાની જીત સ્વરૂપે આ દિવસ ઉજવાય છે.
- જમ્મુ-કાશ્મીર સરકારે અધિકારીઓ, વિશ્વાસુ તથા સરકારી કર્મચારીઓ દ્વારા મહિલાઓના યૌન શોષણ પર પ્રતિબંધ મૂકતો કાયદો બનાવ્યો. આમ જમ્મુ-કાશ્મીર સેક્સટોર્શન પર પ્રતિબંધ માટેના કાયદાવાળું પ્રથમ રાજ્ય બની ગયું.
- ગ્લોબલ ફાયનાન્સિયલ ટેકનોલોજી કંપની OBOPAY ફેડરલ બેંક અને માસ્ટર કાર્ડ સાથેની ભાગીદારીમાં એક નવું પ્રી-પેમેન્ટ ડિવાઈસ શરૂ કરશે. કાર્ડમાં 'સ્પ્લિટ ટ્રાન્ઝેક્શન' સુવિધા છે જે પેમેન્ટમાં ફ્લેક્સીબિલીટી આપશે.
- ઇન્ડિયન નેવિ ઇન્ડિયન ઓશિયન રિજિયન (IOR) માટે ઇન્ફોર્મેશન ફ્યૂઝન સેન્ટર શરૂ કરશે. આના માધ્યમથી હિંદ મહાસાગરમાં સમુદ્રી ડોમેન જાગૃતિમાં સુધાર માટે IORના દેશો સાથે 'વ્હાઇટ શિપિંગ' વિષે માહિતી આદાન-પ્રદાન કરવામાં આવશે.

**17**

- રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત. જયારે સચિન પાયલટ ઉપમુખ્યમંત્રી.
- આંધ્રપ્રદેશના તટ પર 'ફેઠઈ' ચક્રવાત ત્રાટક્યું.
- રાનિલ વિક્રમસિંઘે ફરીથી શ્રીલંકાના વડાપ્રધાન બન્યા.
- નેધરલેન્ડને હરાવીને બેલ્જિયમે હોકી વિશ્વ કપ-2018નો ખિતાબ જીત્યો.
- ભૂપેશ બઘેલ છત્તીસગઢના નવા મુખ્યમંત્રી બન્યા. કૂર્મી સમુદાયના આ નેતા છત્તીસગઢના ત્રીજા મુખ્યમંત્રી બન્યા.
- પી. વી. સિંધૂએ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) વર્લ્ડ ટુર ફાઇનલનો ખિતાબ જીત્યો. પી. વી. સિંધૂ આ ટુર્નામેન્ટમાં સુવર્ણ જીતનાર પ્રથમ ભારતીય છે.
- ફિલિપિન્સની કેટરીઓના ગ્રેએ 'મિસ યુનિવર્સ-2018'નો ખિતાબ જીત્યો.
- પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડિત અરુણ ભાદુડીનું નિધન.
- પુણેમાં 37મી સિનિયર નેશનલ રોઇંગ ચેમ્પિયનશિપ શરૂ. આ ચેમ્પિયનશિપમાંથી વિશ્વ ચેમ્પિયનશિપ-2019 માટે રોવર્સ સિલેક્ટ કરવામાં આવશે.

crackgpsc.com







- ભારતીય અમેરિકન શ્રી સૈનીએ 'મિસ ઈંન્ડિયા વર્લ્ડવાઈડ-2018'નો ખિતાબ જીત્યો.
- વિરાટ કોહલી 25 ટેસ્ટ સેન્ચ્યુરી ફટકારનાર બીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો.

**18**

- બિહારના સિલાવ ખાજાને ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો. સિલાવ ખાજા નાલંદા જિલ્લાનું પારંપરિક વ્યંજન છે.
- રાષ્ટ્રપતિએ કેવડિયામાં દેશના પ્રથમ ઇકોફ્રેન્ડલી રેલવે સ્ટેશનની આધારશિલા મૂકી.
- નવી દિલ્હીમાં શહીદો અને ઘાયલ સૈનિકોનાં સન્માનમાં સ્પેશિયલ મેરેથન 'સોલ્જરેથન' યોજાઈ.
- સિનેમા જગત અને ઇન્ડો-ફ્રેન્ચ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં યોગદાન બદલ ફિલ્મ પ્રોડ્યુસર અશોક અમ્રિતરાજ 'ફ્રેન્ચ નાઈટ ઓફ ધ નેશનલ ઓર્ડર ઓફ મેરિટ'થી સન્માનિત.
- સિંગાપુરમાં યોજાયેલ 18મી પિનક સિલટ ચેમ્પિયનશિપમાં 4 બ્રોન્ઝ મેડલ સાથે મેડલ ટેલીમાં ભારત દસમા ક્રમે.
- બ્રિટિશ સાઈક્લિસ્ટ જેરાંટ થોમસ સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ યર. ઇંગ્લેન્ડ ફૂટબોલ ટીમના કોચ ગારેથ સાઉથગેટ કોચ ઓફ ધ યર.
- એડવોકેટ માધવી દિવાન ભારતનાં એડીશનલ સોલિસિટર જનરલ (ASG) નિયુક્ત. દિવાન સુપ્રીમ કોર્ટમાં ASG તરીકે નિયુક્ત થનાર ત્રીજી મહિલા છે.
- વર્લ્ડ ટીમ સ્નૂકર ચેમ્પિયનશિપમાં ભારતની અમી કમાની અને વિદ્યા પિલ્લાઇએ મહિલા ટીમ ઇવેન્ટમાં સિલ્વર, અલોક કુમાર અને રફત હબીબે માસ્ટર્સ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો.
- લિયોનેલ મેસી 2018માં 50 ગોલ પૂરા કરનાર પ્રથમ ફૂટબોલ ખેલાડી બન્યો.
- અમેરિકાની અલ્ટ્રા રનર કૈમિલ હૈરોને એરિઝોનામાં 24 કલાકમાં 262 કિ.મી.નું અંતર કાપીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- 76મા વાર્ષિક ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સમાં અભિનેતા જેફ બ્રિઝેસને 'સેસિલ બી ડીમિલ' એવોર્ડ.
- ભારતીય ફિલ્મ 'પિરિયડ એન્ડ ઓફ સેન્ટેન્સ' ઓસ્કારની ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ કેટેગરીમાં નોમીનેટ. આ ફિલ્મ ભારતમાં મહિલાઓનાં માસિક સંબંધિત કલંક વિરુદ્ધ સંઘર્ષ અને વાસ્તવિક 'પેડ મેન' અરુણાચલમ મુરુગનંતના કામ પર આધારિત છે.
- 18 ડિસેમ્બર: ઇન્ટરનેશનલ માઈગ્રેશન ડે.

**19**

- ઉદય શંકર વર્ષ 2018-19 માટે ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI)ના ઉપાધ્યક્ષ નિયુક્ત.
- કેન્દ્રીય મંત્રી મંડળે શિક્ષા ક્ષેત્રે ભારત અને અફગાનિસ્તાન વચ્ચેના MoUને મંજૂરી આપી. તે અંતર્ગત તે દેશના વિદ્યાર્થીઓને ભારતમાં તૈયાર પાઠ્યક્રમોનો ઉપયોગ કરવાની અનુમતિ આપશે.
- ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ. (NPCIL)ના કૈગા પરમાણુ ઊર્જા સ્ટેશનના એક 220 મેગાવોટ એકમે 941 દિવસ સુધી સતત સંચાલન કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો. આ પહેલાં આ રેકોર્ડ UKના 'હેષામ 2' એકમ-8 દ્વારા 940 દિવસોના સંચાલનનો હતો.

- ફ્રાન્સ જાન્યુઆરી-2019થી મોટી ઈન્ટરનેટ અને ટેકનોલોજી કંપનીઓ પર 'GAFA' ટેક્સ શરૂ કરશે. ટેક્સનું નામ ગુગલ, એપ્પલ, ફેસબુક અને એમેઝોનના નામ પરથી રાખવામાં આવેલ છે.
- લોકસભાએ ટ્રાન્સજેન્ડર સમુદાયને એક અલગ ઓળખ આપીને સશક્ત બનાવવા માટે 'ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ) બિલ' પસાર કર્યું.
- વડાપ્રધાન મોદીએ કોફી ટેબલ બુક 'ટાઈમલેસ લક્ષ્મણ'નું વિમોચન કર્યું, આ પુસ્તક પ્રસિદ્ધ કાર્ટૂનીસ્ટ આર. કે. લક્ષ્મણ પર આધારિત છે.
- બોલર ઝહિર ખાન મુંબઈ ઇન્ડિયન્સના ડિરેક્ટર-ક્રિકેટ ઓપરેશન્સ નિયુક્ત.
- નેપાળના ભૂતપૂર્વ વડાપ્રધાન તુલસી ગિરિનું નિધન.
- હરિયાણા સરકારે રાજ્યની તમામ કોલેજોમાં ઓનલાઈન પ્રવેશ, ફી, સ્કૉલરશિપ વગેરેની માહિતી પૂરી પાડવા માટે 'શિક્ષા સેતુ' એપ શરૂ કરી.
- વૈજ્ઞાનિકોએ સૌર મંડળમાં અત્યાર સુધીની સૌથી દૂરની વસ્તુ શોધી જેને '2018 VG18' અસ્થાઈ નામ અને ઉપનામ 'ફારઆઉટ' આપવામાં આવ્યું. આ પૃથ્વીથી સૂર્યના અંતર કરતાં 100 ગણી દૂર છે એટલે કે પૃથ્વીથી લગભગ 120 એસ્ટ્રોનોમીકલ યુનિટ (AU) દૂર છે.
- અભિનેત્રી સોનમ કપૂર પશુ સમર્થનના પ્રયાસો માટે PETA ઈન્ડિયાનો 'પર્સન ઓફ ધ યર-2018' એવોર્ડ માટે નોમિનેટ.
- ગ્રામિણ વિકાસ મંત્રાલયે દિન દયાળ ઉપાધ્યક્ષ ગ્રામિણ કૌશલ યોજના (DDU-GKY) અંતર્ગત ગ્રામિણ યુવાઓને નિશ્ચિત રોજગારી સહિત બે વર્ષમાં ઓછામાં ઓછા 5,000 ઉમેદવારોને તાલીમ આપવા માટે મારુતિ સુઝુકી ઈન્ડયા લિ. સાથે MoU કર્યા.

**20**

- કેન્દ્રીય વિદ્યાલયો અને નવોદય વિદ્યાલયોના કલા અને સંગીત શિક્ષકોને એક રાષ્ટ્રીય મંચ આપવા માટે HRD મિનિસ્ટ્રી દ્વારા 'સંગીત કલા સંગમ'નું આયોજન.
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)ના 'ગ્લોબલ જેંડર ગેપ રિપોર્ટ-2018'માં ભારત 108મા ક્રમે. આઈસલેન્ડ ટોચના સ્થાને.
- એમ. નાગેશ્વર રાવ CBIના એડિશનલ ડિરેક્ટર નિયુક્ત.
- ઈસરોએ 'GSLV F-11' રોકેટ દ્વારા શ્રી હરિકોટાથી ટેલિકોમ્યુનિકેશન ઉપગ્રહ 'GSAT-7A' લોન્ચ કર્યો.

**GSAT 7A ઉપગ્રહ:**

- આ ઉપગ્રહ ઈસરો દ્વારા નિર્મિત 35મો ભારતીય સંચાર ઉપગ્રહ છે.
- GSAT 7A ઉપગ્રહ રોકેટથી મોકલાયેલ અત્યાર સુધીનો સૌથી ભારે ઉપગ્રહ છે. જેનું વજન 2250 કિ.ગ્રા. છે.
- આ મિશનનો સમયગાળો 8 વર્ષનો છે.
- આના પેલોડ-કેયૂ બેન્ડ ટ્રાન્સપોન્ડર્સને લીધે નાના એન્ટેનાથી પણ સિગ્નલ મેળવી શકાય છે. વરસાદ તથા અન્ય ઋતુગત અડચણોમાં ઓછું પ્રભાવિત થાય છે.
- આ ઉપગ્રહ રડાર, એરબેઝ અને એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ એરક્રાફ્ટને ઇન્ટરલિંક કરશે.

- આના દ્વારા હવામાં એરક્રાફ્ટ સંપર્ક કરી શકશે.
- તેના દ્વારા લાંબા અંતરમાં હાજર કોઈ પણ એરક્રાફ્ટ કે સબમરીન વિષે જાણી શકાશે.

- IDFC બેંક અને નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની કેપિટલ ફર્સ્ટનું મર્જર. મર્જર બાદ બનેલ નવી કંપની IDFC ફર્સ્ટ બેંકના MD અને CEO તરીકે વી. વૈદ્યનાથન નિયુક્ત.
- 20 ડિસેમ્બર: આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ.
- નવમી 'ઇન્ડિયા-ROK (Republic of Koria) જોઈન્ટ કમિશન' મિટિંગ નવી દિલ્હીમાં યોજાઈ.
- ભોપાલમાં 'રાષ્ટ્રીય બાલરંગ-2018' યોજાયો. 18 રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોના વિવિધ વિદ્યાલયોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
- UAEના પ્રમુખ શેખ ખલિફા નાહ્યાને વર્ષ 2019ને 'યર ઓફ ટોલરન્સ' ઘોષિત કર્યું.
- જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરાયું. જયારે રાજ્ય બંધારણીય મશીનરી ચલાવવામાં અસમર્થ થાય ત્યારે તે રાજ્ય પર કલમ 356 હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ વખત રાષ્ટ્રપતિ શાસન ઇ.સ. 1986માં લગાવાયું હતું.

**21**

- કબડ્ડી ખેલાડી અનુપ કુમારે કબડ્ડીમાંથી સન્યાસની ઘોષણા કરી. 2016માં તેણે કબડ્ડી વિશ્વકપમાં ભારતની જીતનું નેતૃત્વ કર્યું હતું.
- નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જાન્યુઆરીમાં મુંબઈમાં યોજાનાર 'ગ્લોબલ એવિએશન સમિટ' માટે 'GAS 2019' નામની મોબાઈલ એપ લોન્ચ કરી.
- ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીઅલ પોલીસી એન્ડ પ્રમોશન (DIPP)ના સ્ટાર્ટઅપ રેન્કિંગ-2018 પરના રાષ્ટ્રીય રિપોર્ટમાં ગુજરાત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય.
- હરિયાણાના ઝજ્જર જિલ્લામાં AIIMS કેમ્પસમાં ભારતનું સૌથી મોટું કેન્સર ઇન્સ્ટીટયુટ શરૂ કરાયું.
- નેવાડા કુલ મહિલા બહુમતીવાળી વિધાનસભા ધરાવતું અમેરિકાનું પ્રથમ રાજ્ય બની ગયું.
- હર્ષવર્ધન શ્રિંગલા USમાં અને રિવા ગાંગુલી દાસ બાંગ્લાદેશમાં ભારતના રાજદૂત નિયુક્ત.
- ભારતના પૂર્વ બેટ્સમેન ડબ્લ્યૂ. વી. રમન ભારતીય મહિલા ક્રિકેટ ટીમના નવા કોચ નિયુક્ત.
- નવી દિલ્હીમાં ભારત અને ચીનની 'સાંસ્કૃતિક તથા જન આદાનપ્રદાન'ની ઉચ્ચસ્તરીય વ્યવસ્થાની પ્રથમ બેઠક શરૂ. બેઠક દરમ્યાન 'ભારત-ચીન ફિલ્મ મહોત્સવ'નું પણ આયોજન.
- ગૃહ મંત્રાલયે 10 કેન્દ્રીય એજન્સીઓને કોઈપણ કોમ્પ્યુટરમાં ઉત્પન્ન, મોકલાયેલ, મેળવેલ કે સંગ્રહિત કોઈ પણ માહિતી રોકવાનો, દેખરેખ રાખવાનો અને ડિક્રીપ્ટ કરવાનો આદેશ આપ્યો.
- ફીફા રેન્કિંગમાં બેલ્જિયમ પ્રથમ ક્રમે. ફ્રાન્સ બીજા, બ્રાઝિલ ત્રીજા, ભારત 97મા સ્થાને.
- ICC ટેસ્ટ રેન્કિંગમાં વિરાટ કોહલી નંબર વન પર યથાવત. દક્ષિણ આફ્રિકાનો કાગિસો રબાડા નંબર વન બોલર.
- US ફેડરલ રિઝર્વ સિસ્ટમે પ્રમુખ વ્યાજ દર 2.25%થી વધારીને 2.50% કર્યો.
- કર્ણાટક બેંકે paisabazar.com સાથે સ્ટ્રેટેજિક ભાગીદારી કરી.

**22**

- પર્યાવરણ વિભાગે એશિયાઈ સિંહોની આબાદી અને સંબંધિત પારિસ્થિતિકી તંત્રની સુરક્ષા માટે

crackgpsc.com

'એશિયાઈ સિંહ સંરક્ષણ પરિયોજના' શરૂ કરી.

- પ્રણવ કુમાર દાસ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડિરેક્ટ ટેક્સીઝ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના નવા અધ્યક્ષ.
- નેધરલેન્ડના મેથ્યુ વાન ડર પોએલે સુપરપ્રેક્ટીજ સાઈકલો-ક્રોસ રેસ જીતીને સિઝનની સતત પાંચમી રેસ જીતી.
- પાંચ વારની ઓલિમ્પિક ચેમ્પિયન અમેરિકન સ્વિમર ફ્રેન્કલિને 23 વર્ષની વયે સન્યાસ લીધો. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં છ ગોલ્ડ જીતનાર તે પ્રથમ મહિલા હતી.
- લોકસભામાં કન્ઝ્યુમર પ્રોટેકશન બિલ પસાર. જે મુજબ ગેરમાર્ગે દોરતી જાહેરાતો પર રોક લાગશે, દોષિતને 10 લાખ રૂપિયા સુધીનો દંડ, 2 વર્ષની સજાની જોગવાઈ. ફરી ગુનો નોંધાતા સજા 5 વર્ષની, દંડની રકમ 50 લાખ રૂપિયા સુધી હશે.
- 22 ડિસેમ્બર: રાષ્ટ્રીય ગણિત દિવસ. મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની જયંતી તરીકે ઉજવાય છે.
- આસામ સરકાર 'ચા બગીચા (ટી એસ્ટેટ) ધન પુરસ્કાર મેળા' અંતર્ગત ટી વર્કર્સના ખાતાઓમાં 2,500 રૂપિયા જમા કરાવશે. 2016ની નોટબંધી પછી ચાના બગીચાઓનાં મજૂરોનાં ખાતાંમાં 2,500 રૂપિયા જમા કરાશે.
- ભારત સરકાર 40 શ્રમિકોને વર્ષ 2017ના પ્રધાનમંત્રી શ્રમ પુરસ્કારોથી સન્માનિત કરશે.
- મુંબઈમાં પ્રીમિયર બેડમિન્ટન લીગ-2018 (PBL) શરૂ.
- US પ્રમુખ ટ્રમ્પના અફગાનિસ્તાનથી સૈનિકોને પાછા બોલાવવાના નિર્ણયથી નારાજ થઈને સંરક્ષણ મંત્રી જેમ્સ મેટિસે રાજીનામું આપ્યું.
- અફગાનિસ્તાનનો સ્પિનર મુજીબ ઉર રહમાન T20માં 11મા ક્રમે સૌથી મોટી ઇનિંગ રમનાર બેટ્સમેન બન્યો.

**23**

- મહારાષ્ટ્ર સરકારે સાતારા જિલ્લામાં 'ટેંભૂ લિફ્ટ સિંચાઈ' યોજનાને મંજૂરી આપી. ટેંભૂ ગામ પાસે કૃષ્ણા નદી પર બેરેજ બનાવવામાં આવશે.
- 15મી CII ગ્લોબલ SME સમિટ નવી દિલ્હીમાં યોજાઈ. 2018નો વિષય - વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓનાં માધ્યમથી ભાગીદારીનું નિર્માણ'.
- આસામનાં પ્રસિદ્ધ ગાયિકા દિપાલી બાર્થકરનું નિધન. તેઓ આસામની બુલબુલ તરીકે જાણીતાં હતાં.
- મેઘાલય સરકારે 'મેઘા હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કિમ' (MHIS-IV) લોન્ચ કરી. તેનો ભારત સરકારની આયુષ્યમાન ભારત યોજના સાથે વિલય કરાયો. જાન્યુઆરીથી કાર્યાન્વિત કરાશે.
- હરિયાણા સરકાર આયુર્વેદ અને હર્બલ દવાઓને પ્રોત્સાહન આપવા 'હરિયાણા હર્બલ નિગમ'ની સ્થાપના કરશે.
- નિલંજન રોય ઇન્ફોસિસના નવા ચીફ ફાયનાન્સ ઓફિસર (CFO) નિયુક્ત. ઇન્ફોસિસ ભારતની બીજી સૌથી મોટી IT કંપની છે.
- રાજ્યોના DGP અને IGનું અખિલ ભારતીય વાર્ષિક સંમેલન કેવડીયા કોલોનીમાં યોજાયું.

- આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશ માતૃત્વ લાભ કાર્યક્રમ 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' (PMMVY) હેઠળ શ્રેષ્ઠ પ્રદર્શન આપનાર ત્રણ રાજ્ય બન્યાં.
- નીતિ આયોગના UN સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) પરના બેઝલાઈન સૂચકાંકમાં કેરળ પ્રથમ સ્થાને.
- લિન્ક્ડઈને મહેશ નારાયણનને ભારત માટે કન્ટ્રી મેનેજર નિયુક્ત કર્યા.

**24**

- ઇન્દ્રપ્રસ્થ ગેસ લિ. (IGL) માટે CNG ક્યૂ મેનેજમેન્ટ સિસ્ટમ (QMS) અને સામાજિક CRM નામની બે ડિજિટલ કસ્ટમર પહેલ શરૂ કરવામાં આવી.
- ચીને સમગ્ર દુનિયામાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવાઓ પૂરી પાડવા માટે પોતાનો પ્રથમ કોમ્યુનિકેશન સેટેલાઈટ લોન્ચ કર્યો.
- ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના મહાસચિવ રાજીવ મહેતા સાઉથ એશિયન ફેન્સિંગ ફેડરેશન (SAFF)ના અધ્યક્ષ નિયુક્ત.
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી સુરેશ પ્રભુ 'સ્કોચ ગોલ્ડન જ્યુબિલિ ચેલેન્જર એવોર્ડ-2018'થી સન્માનિત.
- ઓસ્ટ્રિયાનો સ્કીયર માર્શેલ હિર્સચેર FIS સ્કી વર્લ્ડ કપમાં સ્લેલમ રેસ જીતીને એક કેલેન્ડર વર્ષમાં 14 વર્લ્ડ કપ રેસ જીતનાર વિશ્વનો પ્રથમ સ્કીયર બન્યો.
- બ્રિટિશ બોક્સર એન્થોની જોશુઆ ઓર્ડર ઓફ ધ બ્રિટિશ અમ્પાયર (OBE) એવોર્ડથી સન્માનિત.
- હૈદરાબાદમાં ઇન્ટરનેશનલ ટ્રેનિંગ સેન્ટર ફોર ઓપરેશનલ ઓશનોગ્રાફી (ITCO ઓશિયન) કોમ્પલેક્ષનું ઉદઘાટન.
- 24 ડિસેમ્બર: નેશનલ કન્ઝ્યુમર્સ ડે. 2018નો વિષય - ઉપભોક્તાઓની ફરિયાદોનું સમયસર નિવારણ.
- વડાપ્રધાન મોદીએ 'રાષ્ટ્રીય એકતા માટે સરદાર પટેલ પુરસ્કાર'ની ઘોષણા કરી. આ પુરસ્કાર રાષ્ટ્રીય અખંડિતતાને આગળ વધારવાના ક્ષેત્રે કરવામાં આવેલ ઉત્કૃષ્ઠ પ્રયાસો માટે દર વર્ષે આપવામાં આવશે.
- મણિપુર વિધાનસભામાં 'ધ મણિપુર પ્રોટેકશન ફ્રોમ મોબ વાયોલન્સ બિલ, 2018' પસાર. જે અંતર્ગત પીડિતના મૃત્યુ પર હિંસામાં સામેલ લોકોને આજીવન કારાવાસની સજા થઇ શકે છે.
- ઓરિસ્સાના લલિતગિરિમાં 'બૌદ્ધસ્થળ' સંગ્રહાલય શરૂ કરવામાં આવ્યું. અહીં એક સ્થળે ખોદકામ દરમ્યાન પ્રાચીન મહોરો અને શિલાલેખો મળી આવેલ અને આ સ્થળને સંગ્રહાલયમાં ફેરવી દેવામાં આવ્યું. રત્નાગિરિ અને કોણાર્ક બાદ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના ભુવનેશ્વર સર્કલમાં ત્રીજું સ્થળ સંગ્રહાલય છે.
- 'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ પુરસ્કાર-2018'માં રેલવેએ 17 પુરસ્કાર જીત્યા.
- ઇન્ડોનેશિયામાં સુંડા સ્ટ્રેટ પર તટીય શહેરોમાં સુનામી ત્રાટક્યું. એસા અનાક ક્રેકટાઉ જ્વાળામુખીમાં આંતર સમુદ્રી ભૂસ્ખલનને કારણે આ સુનામી સર્જાયું. ઇન્ડોનેશિયા રિંગ ઓફ ફાયર નામની ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટ રેખા પર સ્થિત છે.
- રિયાલ મેડ્રિડે UAEમાં યોજાયેલ 'ફીફા ક્લબ વિશ્વ કપ-2018'નો ખિતાબ જીત્યો. આ સાથે જ રિયાલ મેડ્રિડ ત્રણ સતત ક્લબ વિશ્વ કપ કે ઇન્ટરકોન્ટિનેંટલ કપ જીતનાર પ્રથમ ક્લબ બની તથા ચાર ક્લબ વિશ્વ કપ જીતનાર પ્રથમ ક્લબ પણ બની.

crackgpsc.com

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પારાદીપ હૈદરાબાદ પાઈપલાઈન પ્રોડક્ટ' (PHPL)ની આધારશિલા મુકી.

**25**

- ભારતે પરમાણુ સક્ષમ લાંબા અંતરની 'અગ્નિ-IV' મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું. 4,000 કિ.મી.ની સ્ટ્રાઈક રેન્જ ધરાવતી આ મિસાઈલ એડવાન્સ એવિઓનિક્સ, 5G ઓન બોર્ડ કોમ્પ્યુટર અને ડિસ્ટ્રીબ્યુટેડ આર્કિટેક્ચરથી સુસજ્જ છે.
- તમિલનાડુના થિરૂવયારૂમાં ભારતનું પ્રથમ સંગીત સંગ્રહાલય શરૂ કરવામાં આવશે.
- બી. વી. પી. રાવ આર્ચરી એસોસિએશન ઓફ ઇન્ડિયા (AAI)ના અધ્યક્ષ નિયુક્ત.
- નરેન્દ્ર મોદીએ IIT, ભુવનેશ્વરના નવા પરિસરની આધારશિલા મુકી. પાઈકા વિદ્રોહની સ્મૃતિમાં એક સ્મારક સિક્કો અને એક પોસ્ટ ટિકિટ પણ બહાર પાડી. પાઈકા વિદ્રોહ અંગ્રેજો વિરુદ્ધ આઝાદી માટે પ્રથમ યુદ્ધ હતું. ઈ.સ. 1800ની શરૂઆતમાં ઓરિસ્સાના ખેડૂતોએ બ્રિટિશ રેવન્યુ મોડલ વિરુદ્ધ વિદ્રોહ કર્યો હતો. 1817ના આ વિદ્રોહને પાઈકા વિદ્રોહ કહેવાય છે.
- બુરુંડી સરકારે ગિતેગા શહેરને દેશની નવી રાજનૈતિક રાજધાની ઘોષિત કરી. જયારે જૂની રાજધાની બુજુમ્બુરા આર્થિક કેન્દ્ર તરીકે કાર્ય કરશે. બુરુંડીના રાષ્ટ્રપતિ પીએર નકુરુન્જિનજા છે.
- પહેલવાન બાલા રફીક શેખે 'મહારાષ્ટ્ર કેસરી'નો ખિતાબ જીત્યો. મહારાષ્ટ્ર કેસરી ભારતીય શૈલીની એક પ્રતિષ્ઠિત કુશ્તી ચેમ્પિયનશિપ છે.
- CCI વેસ્ટર્ન ઇન્ડિયા સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં મહારાષ્ટ્રના મહેશ મંગાઓંકરે મેન્સ કેટેગરીનો અને ગોવાના યશ ફડતેએ અન્ડર-19 મેન્સ કેટેગરીનો ખિતાબ જીત્યો.
- પેટ્રિક શનાહન અમેરિકાના નવા કાર્યકારી રક્ષા સચિવ નિયુક્ત. તેઓ જિમ મેટિસનું સ્થાન લેશે.
- મહારાષ્ટ્ર રાજ્યની બહાર વેપાર પ્રતિનિધિઓની નિયુક્તિ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. મહારાષ્ટ્ર સ્ટેટ એગ્રિ. માર્કેટિંગ બોર્ડ સેમી પેરિશેબલ વસ્તુઓના વેપારને પ્રોત્સાહન આપવા માટે છ વેપાર પ્રતિનિધિઓની નિયુક્તિ કરી.
- 25 ડિસેમ્બર: સુશાસન દિવસ. ઈ.સ. 2014થી ભૂતપૂર્વ વડાપ્રધાન બાજપાઈની જયંતી પર દર વર્ષે ઉજવાય છે.
- દિલ્હીમાં ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈના સ્મારક 'સદૈવ અટલ'નું ઉદઘાટન.
- **બોગિબીલ બ્રિજ:**
  - વાજપેયીના જન્મદિને નરેન્દ્ર મોદીએ આસામમાં બ્રહ્મપુત્રા નદી પર ભારતના સૌથી લાંબા રેલ-રોડ બ્રિજ 'બોગિબીલ બ્રિજ'નું ઉદઘાટન કર્યું. દિબ્રુગઢ જિલ્લામાં આવેલા બોગિબીલમાં બ્રહ્મપુત્રા નદી પરના આ રેલવે-કમ-રોડ બ્રિજનો શિલાન્યાસ 1997માં કરાયો હતો. આ બ્રિજ 4.94 કિ.મી. લાંબો છે.
  - બોગિબીલ બ્રિજ આસામના દિબ્રુગઢ અને ધેમાજી જિલ્લાઓને જોડે છે. ધેમાજી જિલ્લો અરૂણાચલ પ્રદેશ રાજ્ય સાથે સરહદ પણ બનાવે છે. આ બ્રિજનું આયુષ્ય 120 વર્ષનું છે.
  - આ બ્રિજની વિશેષતા એ છે કે આસામ અને અરૂણાચલ પ્રદેશ રાજ્યો વચ્ચેનું અંતર 500 કિ.મી. જેટલું ઓછું કરી દેશે. આસામમાંથી અરૂણચાલ પ્રદેશ પહોંચવામાં હવે 10 કલાક જેટલો સમય બચશે.

- આ બ્રિજ એ રીતે વિશેષ છે કે તેની પર લોઅર ડેક પર બે-લાઈનના રેલવે પાટાઓ છે જ્યારે અપર ડેક પર ત્રણ-લેનનો રોડ છે. આમ, એક જ બ્રિજ પર ટ્રેન અને વાહનો એક સાથે દોડે છે.
- આ બ્રિજ સ્વીડન અને ડેન્માર્ક દેશોને જોડતા વિશાળ-વિરાટ પૂલ હોરીશવાની ડિઝાઈન પ્રમાણેનો છે.
- બોગિબીલ બ્રિજ બનાવવા માટે યુરોપીયન ટેક્નોલોજીકલ ધારાધોરણ અપનાવવામાં આવ્યા છે. આ સંપૂર્ણપણે વેલ્ડેડ બ્રિજ છે.
- આ બ્રિજ અંદાજે રૂ. 5,900 કરોડની કિંમતે બાંધવામાં આવ્યો છે.
- ભારતનો એક માત્ર બ્રિજ જે સંપૂર્ણપણે સ્ટીલ કોન્ક્રીટનાં કમ્પોઝિટ ગર્ડરથી બનેલ છે.
- 1997ની 22 જાન્યુઆરીએ તે વખતના વડા પ્રધાન એચ.ડી. દેવગોવડાએ પૂલનો શિલાન્યાસ કર્યો હતો. પરંતુ તેની પરનું બાંધકામ છેક 2002ની 21 એપ્રિલે વાજપેયીની સરકારે શરૂ કરાવ્યું હતું.
- આ બ્રિજ બાંધવા માટે સિમેન્ટની 30 લાખ ગુણીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આટલી ગુણીઓની સિમેન્ટથી ઓલિમ્પિક સાઈઝના 41 સ્વિમિંગ પૂલ બંધાય. તદ્દપરાંત આ બ્રિજ માટે 77,000 મેટ્રિક ટન લોખંડ (સ્ટીલ) વાપરવામાં આવ્યું છે.
- આ બ્રિજ બનવાથી આસામના દિબ્રુગઢ અને ધેમાજી જિલ્લાઓના રહેવાસીઓ ઉપરાંત અરૂણાચલ પ્રદેશના આંજો, ચાંગલાંગ, લોહિત, લોઅર દિબાંગ વેલી, દિબાંગ વેલી અને તિરાપ જેવા જિલ્લાઓનાં રહેવાસીઓને પણ ઘણી મદદ મળશે.
- આસામ અને અરૂણાચલ પ્રદેશ વચ્ચે આવવા-જવામાં લોકોને જે 15-20 કલાકનો સમય લાગતો હતો તે હવે માત્ર સાડા પાંચ કલાક જેટલો જ લાગશે. અગાઉ લોકોને અનેક ટ્રેનો બદલવી પડતી હતી, પણ હવે એમને ઘણી રાહત થશે.
- આ બ્રિજ બંધાવાથી ભારતીય સૈન્યને પણ ઘણી રાહત થશે. ચીન સાથેની સરહદ પર ફરજ બજાવતા દેશના સૈનિકો માટે સાધન, સામગ્રી તથા માલસામાન હવે ઝડપથી પહોંચાડી શકાશે.
- તિનસુકિયા-નાહરલગુન ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન બોગિબીલ બ્રિજ પરથી પસાર થનાર પ્રથમ ટ્રેન બની.

**26**

- કેલિફોર્નિયા ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીએ સક્રિય DNA ઓરિગામી ટાઈલ્સનો ઉપયોગ કરીને દુનિયાનું સૌથી નાનું ટિક-ટેક-ટો ગેમ બોર્ડ બનાવ્યું. આ પહેલાં વૈજ્ઞાનિકોએ આ જ ટેકનિકનો ઉપયોગ કરીને મોનાલિસાની દુનિયાનું સૌથી નાનું સંસ્કરણ વિકસાવ્યું હતું.
- ભારત, અફગાનિસ્તાન અને ઈરાન વચ્ચે ત્રિપક્ષીય ચાબહાર સમજૂતીના અમલ માટેની પ્રથમ બેઠક ચાબહાર (ઈરાન)માં યોજાઈ.
- વિદ્યુત મંત્રાલયે એપ્રિલ-2019થી બધા જ મીટર્સને સ્માર્ટ પ્રીપેડ બનાવવાનો નિર્ણય લીધો. આ મુજબ તમામ મીટરોને સ્માર્ટ પ્રિપેડ મીટરમાં ફેરવી નાંખવામાં આવશે. વીજળીનું બિલ ઘરે નહિ આવે. આ મીટરો તબક્કાવાર ત્રણ વર્ષમાં પ્રત્યેકના ઘરમાં ફીટ કરી દેવામાં આવશે. આ નિર્ણયનો હેતુ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશનમાં થતા નુકશાનને ઘટાડવાનો છે. આ નિર્ણયથી વીજ વિતરણ કંપનીઓ વધુ બહેતર સુવિધા આપી શકશે. સ્માર્ટ મીટરોને કારણે બીલ આપવા નહીં પડે તેથી કાગળની પણ બચત થશે.

સરકારનો દાવો છે કે સ્માર્ટ મીટર ગરીબોના હિતમાં છે, કારણકે ગ્રાહકોને આખા મહિનાનું બિલ એક વખતમાં ચૂકવવાની જરૂરિયાત પડશે નહીં. જેને બદલે તેઓ પોતાની જરૂરિયાત મુજબ બિલની ચૂકવણી કરી શકે છે. મોટા પાયા પર સ્માર્ટ પ્રીપેડ મીટરના નિર્માણથી યુવાનો માટે રોજગારી પણ ઉભી થશે. કંટ્રોલ રૂમથી જોડવામાં આવશે. કર્મચારી સ્કાડા સૉફ્ટવેર દ્વારા કંટ્રોલ રૂમથી મીટર રીડિંગ નોટ કરી શકશે. આ સાથે જો કોઇ મીટરની સાથે છેડછાડ કરે છે તો તેનો સંકેત કંટ્રોલ રૂમમાં મળશે.

- પંજાબ મુખ્યમંત્રી અમરિંદર સિંહે કપૂરથલાના પૂર્વ શાસક મહારાજા જગતજીત સિંહ પર એક પુસ્તક 'પ્રિન્સ, પેટ્રન એન્ડ પેટ્રિઆર્ક-મહારાજા જગતજીત સિંહ ઓફ કપૂરથલા'નું વિમોચન કર્યું. પુસ્તકના લેખક બ્રિગેડિયર સુખજીત સિંહ અને સિંથિયા મીરા ફ્રેડરિક છે.
- તુર્કમેનિસ્તાને પોતાની પ્રથમ મેસેજિંગ એપ 'બિઝબાર્ડ' લોન્ચ કરી.
- ચાકો પુરૈકલ થોમસ ટાટા કોફીના MD અને CEO નિયુક્ત.
- દિવંગત સંગીતકાર લક્ષ્મીકાંત શાંતારામ કુડાલકર અને પાર્શ્વગાયિકા ઉષા ટીમોથીને 'મોહમ્મદ રફી એવોર્ડ-2018' આપવામાં આવ્યો. લક્ષ્મીકાંતને મોહમ્મદ રફી લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ એનાયત.
- સી. એ. કુટ્ટપ્પા ભારતના ચીફ બોક્સિંગ કોચ નિયુક્ત.
- ગુજરાતમાં યોજાયેલ DGP અને IG સંમેલન દરમ્યાન જારી ભારતનાં ટોચનાં 10 પોલીસ સ્ટેશનોની સૂચિમાં રાજસ્થાનના બિકાનેરનું કાલૂ પોલીસ સ્ટેશન પ્રથમ ક્રમે, અંદામાન અને નિકોબારના કેંપબેલ બે બીજા ક્રમે.
- સીરિયામાંથી સેના હટાવવાના વિરોધમાં જેમ્સ મેટિસ બાદ ડોનાલ્ડ ટ્રમ્પના દૂત બ્રેક મેકગુર્કે પણ રાજીનામું આપ્યું.
- ભારતની 20 વર્ષીય વેદાંગી કુલકર્ણી 159 દિવસમાં 14 દેશોમાં 29 હજાર કિ.મી. સાઈક્લિંગ કરીને સાઈકલ પર દુનિયાનું ચક્કર લગાવનાર સૌથી ઝડપી એશિયન બની.
- તેલંગાણાના 8 વર્ષના સમાન્યુ પોથુરાજે ઓસ્ટ્રેલિયાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ કોસ્કિઓસ્કો (2228) સર કર્યું. તાન્ઝાનિયાનું માઉન્ટ કિલિમાન્જારો (5895 મીટર) સર કરનાર દુનિયાનો સૌથી નાની વયનો પર્વતારોહી છે.
- પૂર્વ PM અટલ બિહારી વાજપાઈની સ્મૃતિમાં 100 રૂપિયાના મૂલ્યનો સ્મારક સિક્કો લોન્ચ. સિક્કાની એક બાજુ ભારતનું પ્રતીક ચિહ્ન અને બીજી બાજુ વાજપાઈજીનું ચિત્ર છે.
- મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં અટલ બિહારી વાજપાઇ ઇન્ટરનેશનલ સ્કૂલ્સ શરૂ કરી.
- ઉત્તરાખંડમાં અટલ આયુષ્માન ઉત્તરાખંડ યોજના શરૂ કરવામાં આવી. આ યોજના અંતર્ગત દરેક પરિવાર વાર્ષિક 5 લાખ રૂપિયાની ચિકિત્સાનો લાભ મેળવી શકશે.
- હરિયાણાએ 'ડિજિટલ હરિયાણા' પહેલ અંતર્ગત 485 યોજનાઓ શરૂ કરી. ગ્રામિણ ક્ષેત્રોમાં 4000 અટલ સેવા કેન્દ્રો, જિલ્લા મુખ્યાલયોમાં 22 અને સબ-ડિવિઝન લેવલે 51 તથા તાલુકા લેવલે 20 'અંત્યોદય સરલ કેન્દ્રો' શરૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બની ગયું.
- હરિયાણા સરકારે બાળ દેખરેખ સંસ્થાઓ (ચાઈલ્ડ કેર ઇન્સ્ટીટયુટ્સ-CCI)નું નામ બદલીને 'જગન્નાથ આશ્રમ' રાખવાની ઘોષણા કરી.



crackgpsc.com

- લુઇસ હેમિલ્ટન 'ડ્રાઈવર્સ ડ્રાઈવર ઓફ ધ યર-2018'થી સન્માનિત.
- વડોદરાના આજવા ગાર્ડનમાં ડિઝનીલેન્ડની થીમ પર તૈયાર કરાયેલ આજવા પાર્ક સરોવર કિનારે આવેલ દુનિયાનો પ્રથમ થીમ પાર્ક બન્યો.
- ઈરાને રશિયાને હરાવીને રેસલિંગનું ગ્રીકો રોમન વર્લ્ડ કપનું ટાઈટલ જીત્યું.
- FIS સ્કી વર્લ્ડ કપની સ્લેલમ ઇવેન્ટમાં ગોલ્ડ જીતીને 23 વર્ષીય અમેરિકન મિકાએલા કારકિર્દીની 50 રેસ જીતનાર સૌથી યુવા સ્કીયર બની.
- ગુજરાત રાજ્યમાં મધ્યાહ્ન ભોજન યોજનાના પાઈલટ પ્રોજેક્ટ માટે જામનગરની પસંદગી.
- પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફને અલ અઝિઝીયા સ્ટીલ મિલ્સ ભ્રષ્ટાચાર કેસમાં સાત વર્ષની જેલની સજા. જયારે પનામા પેપર્સ કૌભાંડના ફ્લેગશિપ ઇન્વેસ્ટમેન્ટ ભ્રષ્ટાચાર કેસમાં કોર્ટે શરીફને નિર્દોષ જાહેર કર્યા.
- ઇંધણ અને ટેક્સ દરમાં ઘટાડો કરાવ્યા બાદ હવે રાષ્ટ્રપતિ મેંક્રોનું રાજીનામું માંગવા માટે ફ્રાન્સમાં યલો વેસ્ટ દેખાવો ચાલુ.
- જાણીતા ભારતીય ગોલ્ફર જ્યોતિ રંધાવાની ઉત્તરપ્રદેશના દુધવા ટાઈગર રિઝર્વમાં ગેરકાયદેસર શિકાર કરવા બદલ ધરપકડ.
- ચીનમાંથી દૂધની બનાવટોની આયાત પરનો પ્રતિબંધ વધુ ચાર માસ સુધી લંબાવાયો.
- હોસ્પિટલ મેનેજમેન્ટ ફર્મ રેડિયન્ટ લાઈફ કેર મેક્સ હેલ્થકેરને ખરીદશે. મર્જર બાદ કંપનીની વેલ્યુએશન 7,242 કરોડ રૂપિયાની થશે, તે દેશની ત્રીજી મોટી હોસ્પિટલ ચેઈન બનશે. રેડિયન્ટના પ્રમોટર અભય સોઈ કંપનીના ચેરમેન બનશે.
- સિતારવાદક મંજૂ મહેતા મધ્યપ્રદેશ સરકાર દ્વારા તાનસેન પુરસ્કાર-2018થી સન્માનિત.
- વૈજ્ઞાનિકોએ 'કૈસીઓપિયા' નક્ષત્રમાં સૌરમંડળની બહાર એક નવો 'સુપર અર્થ' ગ્રહ શોધ્યો. HD219134b નામનો આ ગ્રહ પૃથ્વીથી 21 પ્રકાશ વર્ષ દૂર છે.

**28**

- પશ્ચિમ રેલવેએ મધ્યપ્રદેશના રતલામ જિલ્લામાં પાતાલપાની-કાલાકુંડ ખંડ પર વિશેષ હેરિટેજ ટ્રેન શરૂ કરી. આ હેરિટેજ ટ્રેન ડૉ. આંબેડકર નગર સ્ટેશનેથી કાલાકુંડ સુધી જશે.
- થાઇલેન્ડે ચિકિત્સા અને રિસર્ચ માટે મારિજુઆનાના ઉપયોગને મંજૂરી આપી. થાઇલેન્ડ મારિજુઆનાના ઉપયોગને મંજૂરી આપનાર દક્ષિણ પૂર્વ એશિયાનો પ્રથમ દેશ બની ગયો.
- અમેરિકાની પેજ મિલરે કમ્પાઉન્ડ જુનિયર મહિલા આર્ચરીમાં ઇન્ડોર આર્ચરી વર્લ્ડ સીરીઝ ઇવેન્ટમાં 600માંથી 594 સ્કોર કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. મિલરે રોમ આર્ચરી ટ્રોફી પણ જીતી છે.
- PNBએ આગામી કુંભમેળા-2019 માટે 'PNB રૂપે' કાર્ડ લોન્ચ કર્યું. જે ઈન્ટરનેટ વગર પણ કામ કરી શકે છે.
- કેનેરા બેંકનાં કાર્યકારી નિર્દેશક પી. વી. ભારતી કોર્પોરેશન બેંકનાં નવાં MD અને CEO નિયુક્ત.
- જાપાને ઇન્ટરનેશનલ વ્હેલિંગ કમિશન (IWC)માંથી નીકળી જવાની ઘોષણા કરી. જાપાન જુલાઈ-2019થી સ્થાનિક જળ અને વિશેષ આર્થિક ક્ષેત્રમાં વ્હેલના શિકારને ફરીથી શરૂ કરશે. જાપાન વાણિજ્યિક વ્હેલના શિકાર પર IWCના પ્રતિબંધનો વિરોધ કરનાર આઈસલેન્ડ અને નોર્વે સાથે સામેલ થઇ ગયું.

- ભારત સરકારે અંદામાન અને નિકોબારના ત્રણ ટાપુનું નામ બદલવાનો નિર્ણય કર્યો. જે અંતર્ગત નેતાજી બોઝને શ્રદ્ધાંજલિ તરીકે રોસ ટાપુનું નામ બદલીને સુભાષચંદ્ર બોઝ ટાપુ, નીલ ટાપુનું શહીદ ટાપુ અને હેવલોક ટાપુનું નામ સ્વરાજ ટાપુ રખાશે. નેતાજીએ 30 ડિસેમ્બર, 1943ના રોજ પોર્ટ બ્લેયરમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો.
- આસામમાં નદી પર્યટન પરિયોજના અંતર્ગત ચિરાંગ જિલ્લામાં 'દ્વિજિંગ મહોત્સવ' શરૂ. દ્વિજિંગનો અર્થ નદીનો તટ થાય છે અને આ મહોત્સવ એઈ નદીની આસપાસનાં વિસ્તારોને આવરી લેશે. આ નદી ભૂટાનના હિમાલયમાંથી નીકળીને ચિરાંગ તથા બોન્ગાઈગાંવ જિલ્લામાં થઇને બ્રહ્મપુત્રા નદીને મળે છે.
- ઓસ્ટ્રેલિયાનો પૂર્વ ક્રિકેટ કેપ્ટન રિકી પોન્ટિંગ ICC હોલ ઓફ ફેમમાં સામેલ થનાર 25મો ઓસ્ટ્રેલિયન ક્રિકેટર બન્યો.
- કોલિન ઓ'બ્રેડી કોઈપણ પ્રકારની મદદ વગર એન્ટાર્કટિકામાં એકલ ટ્રેક પૂર્ણ કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા. તેમણે 54 દિવસમાં લગભગ 1,600 કિ.મી. અંતર કાપીને એન્ટાર્કટિકા પાર કર્યું. પેસિફિક પાર કરીને તેઓ રોસ આઈસ શેલ્ફના અંતિમ બિંદુએ પહોંચ્યા.
- કેન્દ્ર સરકારે 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પુરસ્કાર'ની સ્થાપના કરી. આ પુરસ્કાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કાર્યો માટે આપવામાં આવશે. જો વિજેતા સંસ્થા હશે તો 51 લાખ રૂપિયાની ધનરાશિ અને વ્યક્તિ હશે તો 5 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- ઉર્દૂ ભાષા, સાહિત્ય અને સાહિત્યિક આલોચનાના દુનિયાના સૌથી મોટા સાહિત્યકાર ડૉ. હમીદી કશ્મીરીનું નિધન.
- મુસ્લિમ મહિલા (પ્રોટેકશન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) બિલ-2018 લોકસભામાં પસાર. આ બિલ તાત્કાલિક ત્રણ તલાકની તમામ ઘોષણાઓને ગેરકાયદેસર ગણાવે છે.
- ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટે 11 બોલના અંતરાલમાં 5 વિકેટ ઝડપી નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
- સેન્ટ્રલ રેલવે નાગપુર ડિવિઝને ઉસ્તાદ (અંડરગીયર સર્વિલાંસ થ્રૂ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અસિસ્ટેડ ડ્રોયડ- USTAAD) નામનો રોબોટ વિકસાવ્યો. ઉસ્તાદ ગાડીઓના નીચલા ગીયરના ફોટો અને વિડીયો રેકોર્ડ કરશે અને રિપેરિંગ અને મેન્ટેનન્સ માટે એન્જિનિયર્સ મોકલશે.

**29**

- RBIએ પૂર્વ ગવર્નર બિમલ જાલાનની અધ્યક્ષતામાં કેન્દ્રીય બેંકની 'ઇકોનોમિક કેપિટલ ફ્રેમવર્ક'ની સમીક્ષા કરવા છ સભ્યોની સમિતિની રચના કરી.
- રાષ્ટ્રપતિએ જાન્યુઆરી-2019થી આંધ્રપ્રદેશ માટે એક અલગ હાઈકોર્ટનો આદેશ આપ્યો. હૈદરાબાદ સ્થિત હાઈકોર્ટ હવે તેલંગાણાની હાઈકોર્ટ બનશે. આંધ્રપ્રદેશની હાઈકોર્ટ અમરાવતીમાં શરૂ થશે. આ સાથે દેશમાં હવે 25 હાઈકોર્ટ ગણાશે.
- એર માર્શલ રાજીવ સચદેવા ડેપ્યુટી ચીફ ઓફ ઇન્ટીગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ-ઓપરેશન્સ (DCIDS-ઓપરેશન્સ) નિયુક્ત.
- રશિયાએ 'અવાનગાર્ડ' નામની હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું. અવાનગાર્ડ અવાજ કરતાં 20 ગણી ગતિથી ઊડી શકે છે અને ઉપર-નીચે કરી શકાય છે.

- પૂર્વોત્તર રાજ્યમાં શાસનમાં પરિવર્તન લાવવા માટેના તેમના અનુકરણીય નેતૃત્વ માટે મણિપુરના મુખ્યમંત્રી એન. બીરેન સિંહને 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ' પુરસ્કાર.
- ભારતીય-અમેરિકન રાજેશ સુબ્રમણ્યમ અમેરિકાની મલ્ટીનેશનલ કુરિયર કંપની ફેડએક્સ એક્સપ્રેસના અધ્યક્ષ અને CEO નિયુક્ત.
- ભારતીય પર્યટન વિભાગે પાંચ પ્રતિષ્ઠિત સ્થળો માટે મોબાઈલ ઓડિયો ગાઈડ એપ વિકસાવવા માટે 'એડોપ્ટ અ હેરિટેજ' પ્રોજેક્ટ હેઠળ રેસબર્ડ ટેકનોલોજીસ સાથે MoU કર્યા. આ પાંચ સ્થળો: આમેરનો કિલ્લો (રાજસ્થાન), કાજીરંગા (આસામ), કોલવા બીચ (ગોવા), કુમારકોમ (કેરલ) અને મહાબોધિ મંદિર (બિહાર).
- ચંબાનાં SP મોનિકા ભટુંગુરુને ચંબા જિલ્લામાં અનુકરણીય કાર્ય અને મહત્વપૂર્ણ પરિવર્તન લાવવા માટે 'ચેમ્પિયન ઓફ ચેન્જ' પુરસ્કાર.
- રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC)એ ટોલ-ફ્રી નંબર '14433' અને કોમન સર્વિસ સેન્ટર (CSC)ના માધ્યમથી ફરિયાદ નોંધાવવાની સુવિધા લોન્ચ કરી.
- અંબિકા પ્રસાદ સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડ્સ લિ.(SECL)નાં અધ્યક્ષ અને CMD નિયુક્ત. SECL કોલ ઇન્ડિયા લિ.ની સહાયક કંપની છે.\
- ભૂટાનના વડાપ્રધાન ડૉ. લોતેય શેરિંગ ત્રણ દિવસની ભારત મુલાકાતે.
- ભારત ભૂતાનની 12મી પંચવર્ષીય યોજના માટે 4,500 કરોડ રૂપિયાની આર્થિક સહાય કરશે.
- મધ્ય રેલવેએ એક નવી અત્યાધુનિક ઓટોમેટેડ ટ્રેન એક્ઝામિનેશન સિસ્ટમ (ATES) શરૂ કરી. જે એક્સલ બોક્સ ટેંપરેચર, વ્હીલ ડિસ્ક ટેંપરેચર માપે છે અને ઇન્ફ્રારેડ અને અન્ય કેમેરાનાં માધ્યમથી ગાડીઓના રોલિંગ સ્ટોકના અંડર ગિયરને રેકોર્ડ કરે છે.
- પાકિસ્તાન કેબિનેટે પ્રથમ રેનમિનબી-ડીનોમિનેટેડ 'પાન્ડા બોન્ડ' ઇસ્યુ કરવાની મંજૂરી આપી.

**30**

- મનુ ભાકરે શુટિંગની નેશનલ પસંદગી ટ્રાયલ્સમાં મહિલા અને જુનિયર ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો.
- ક્રોએશિયાના ફૂટબોલ કેપ્ટન લુકા મોડ્રિકે 'બાલ્કન એથ્લીટ ઓફ ધ યર' પુરસ્કાર જીત્યો. મોડ્રિક આ પુરસ્કાર મેળવનાર બીજો ફૂટબોલર બન્યો.
- જસ્ટિસ છાગરી પ્રવીણ કુમાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ નિયુક્ત.
- HDFC ગ્રૂપ દેશનું સૌથી મોટું બિઝનેસ હાઉસ બન્યું.
- કંબોડિયામાં આયોજિત એશિયા સાઉથ ઇસ્ટ ઇન્ટરનેશનલ શોર્ટ ફિલ્મ ફેસ્ટીવલમાં 'ફાઈન્ડિંગ બ્યુટી ઇન ગારબેજ' ફિલ્મે બેસ્ટ શોર્ટ ડોકયુમેન્ટરીનો એવોર્ડ મેળવ્યો. આ ફિલ્મ આસામના ડિબ્રૂગઢ શહેરમાં કચરા પર આધારિત છે.
- PM મોદી દ્વારા વારાણસીમાં ભારતની સેમી હાઈસ્પીડ ટ્રેન 'ટ્રેન-18'નું અનાવરણ. આ ટ્રેન દેશની પ્રથમ એન્જિન રહિત ટ્રેન છે. તેણે શતાબ્દી ટ્રેનને પ્રસ્થાપિત કરી.
- ભારતના પ્રથમ સમાનવ મિશન 'ગગનયાન' માટે 10 હજાર કરોડ રૂપિયાની મંજૂરી. આ પ્રોજેક્ટ અંતર્ગત 3 અવકાશયાત્રીઓ સાત દિવસ માટે પૃથ્વીની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે, જે ભારતની ટેકનોલોજીકલ સિદ્ધિ ગણાશે. આ મિશન અવકાશયાત્રીને કોઈ અન્ય ગ્રહ પર મોકલવાનું ન હોઈને

મૂળભૂત રીતે 'લો અર્થ ઓરબીટ' તરીકે ઓળખાતી પૃથ્વીની સપાટીથી 2,000 કિ.મી. સુધીની ભ્રમણકક્ષા સુધી મોકલવાનું છે. અમેરિકા, રશિયા અને ચીન બાદ ભારત અવકાશયાત્રીઓને સ્પેસમાં મોકલનાર ચોથો દેશ બનશે.

- મહાત્મા ગાંધીની 150મી જયંતીના ઉત્સવનાં ભાગ રૂપે નવી દિલ્હીમાં નેશનલ ગેલરી ઓફ મોડર્ન આર્ટ (NGMA) દ્વારા 'દાંડી યાત્રા' નામનું એક એક્ઝિબિશન યોજાયું.
- પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ઓરિસ્સામાં 'ઉજ્જવલા સેનિટરી નેપકિન' પહેલ શરૂ કરી. આ પહેલ અંતર્ગત ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઓરિસ્સામાં સામાન્ય સેવા કેન્દ્રોમાં 100 મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ શરૂ કરશે. આ પહેલનો ઉદ્દેશ્ય મહિલા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય અંગે મહિલાઓને સુશિક્ષિત કરવાનો, ઓછા ખર્ચે ઇકો-ફ્રેન્ડલી સેનિટરી પેડ સુધી પહોંચવાનો છે.

**31**

- સુધીર ભાર્ગવ સેંટ્રલ ઇન્ફોર્મેશન કમિશન (CIC)ના ચીફ ઇન્ફોર્મેશન કમિશનર નિયુક્ત.
- પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા પદ્મ ભૂષણ શ્રી મૃણાલ સેનનું નિધન. તેમણે ઈ.સ. **1955**માં પ્રથમ ફિલ્મ 'રાતભોર' બનાવી હતી.
- લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડેએ ભારતીય સેનાના ગજરાજ કોર્પ્સની કમાન સંભાળી. ગજરાજ કોર્પ્સ (IV કોર્પ્સ) ઈ.સ. 1961માં નિર્મિત ભારતીય સેનાનું એક સૈન્ય ક્ષેત્ર છે.
- રેલ મંત્રીએ 'હની બી' યોજનાનો વિસ્તાર દેશના અન્ય ક્ષેત્રોમાં કરવાની ઘોષણા કરી. આ પહેલ પાયલટ ધોરણે 2017માં આસામમાં શરૂ કરવામાં આવી હતી. આ યોજના હાથી જેવા જાનવરોના રેલવે ટ્રેક પર થતા અકસ્માતો અટકાવવાની છે. આ યોજના અંતર્ગત મધમાખીઓના રેકોર્ડેડ અવાજને એમ્પલીફાઈ કરનાર ખાસ ડીવાઈસનો ઉપયોગ કરવામાં આવે છે, જે હાથીઓને રેલવે ટ્રેકથી દૂર રાખે છે.
- ગ્રેટર હૈદરાબાદ નગર નિગમ સ્વચ્છ સર્વેક્ષણ-2018 રેન્કિંગમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં સર્વશ્રેષ્ઠ રાજધાની તરીકે પસંદગી પામ્યું.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ICCનો 'વુમન ક્રિકેટર ઓફ ધ યર' અને 'વુમન વનડે પ્લેયર ઓફ ધ યર'નો ખિતાબ જીત્યો.
- સર્બિયાના ટેનિસ પ્લેયર નોવાક જોકોવિચે ચોથી વખત મુબાદલા વર્લ્ડ ટેનિસ ચેમ્પિયનશિપ જીતી.
- વિરાટ કોહલીએ વિદેશમાં સૌથી વધુ ટેસ્ટ જીતવાના સૌરવ ગાંગુલીના રેકોર્ડની બરાબરી કરી. ગાંગુલી અને કોહલી કુલ 11-11 ટેસ્ટ જીતનાર વિદેશની ભૂમિ પર સૌથી સફળ ભારતીય કેપ્ટન..
- ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીની ત્રીજી ટેસ્ટમાં વિજય મેળવીને ભારત ટેસ્ટ ઈતિહાસમાં 150મો વિજય મેળવનાર વિશ્વનો પાંચમો દેશ બની ગયો. આ અગાઉ ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ, વિન્ડિઝ અને સાઉથ આફ્રિકા આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

**અમારી YouTube ચેનલ 'Crack GPSC' પર જોડાઓ,**

**SUBSCRIBE કરો અને કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો.**

https://youtu.be/l4qSHaS0fqc